સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી - ૨૦૦૬

'ઐસે રંગ રંગો માંહી, કિ રંગ નાંહી છૂટે;
ધોબિયા ધોયે ચાહે સારી ઉમરીયા, રંગ દે ચુનરીયા...

શ્રીજીમહારાજે માંગરોળ, ધોરાજી, સારંગપુર, વડતાલ, ગઢપુર, પંચાળા, અમદાવાદ વગેરે સ્થાનોમાં ફૂલદોલોત્સવ અનેકવાર ઉજવીને આ ધામોની એક એક રજને રંગથી ભીંજવેલ છે, તે ઉત્સવની સ્મૃતિ કરી જીવનને ધન્ય બનાવીએ.






સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર


# શ્રી સ્વામિનારાયણ ચિંતન


પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી

કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી

તંત્રી : સાધુ દિવ્યસ્વરૂપદાસજી D વર્ષ :- ૧, અંક :- ૯, તા. ૨૦-૨-૦૬


## :: સંસ્થાપક ::

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

## :: અધ્યક્ષ ::

પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલ

## :: પ્રયોજક ::

પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આપ જો 'ઈન્ટરનેટ' સુવિધાથી સુવિદિત હો તો

**આજે જ ક્લીક કરો...**

**www.chintansardhar.com**

આધુનિક યુગમાં 'ઈન્ટરનેટ'ની સુવિધાથી આપ ઘેર બેઠા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આશીર્વાત્મક આજ્ઞાથી સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંકના ઓનલાઈન ગ્રાહક તેમજ ઓનલાઈન અંકને માણી શકશો. અને સાથે સાથે ઓનલાઈન સરધાર મંદિર દ્વારા પ્રસ્તુત પ.પૂ. લાલજી મહારાજની અમૃતવાણી, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અન્ય ધુન-કીર્તનની VCD, MP3 & Audio Sassette અને ધાર્મિક પુસ્તકો તેમજ પૂજા-સામગ્રી આદિક સાહિત્ય હવે તમો ઘેર બેઠાં વસાવી શકશો.

## :: લેખો અંગે પત્રવ્યવહાર ::


'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫


## :: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ ૧૩૦ U.S.A. |

## :: અનુક્રમણિકા ::


| | | | |
|---|---|---|---|
| ૧ | દિવ્ય અમૃતવાણી...અમૃતવાણી ચિંતન | સંકલિત | ૨ |
| ૨ | પૂ. સ્વામીનો પત્ર...પ્રેરણા ચિંતન | પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર | ૩ |
| ૩ | જેને દોષો સામેના સંઘર્ષમાં રસ નથી... વિચાર વિમર્શ | સાધુ પ્રેમવલ્લભદાસ - સરધાર | ૪ |
| ૪ | ફૂલદોલોત્સવ...ઉત્સવ-પર્વ ચિંતન | સાધુ વ્યાપકસ્વરૂપદાસ - સરધાર | ૫ |
| ૫ | આત્યંતિક કલ્યાણ...આજ્ઞા-ઉપાસના ચિંતન | સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી - ભૂજ મંદિર | ૮ |
| ૬ | ધર્મામૃત...સંત પંચવર્તમાન ચિંતન | સ્વામી આનંદસ્વરૂપદાસજી - સરધાર | ૧૦ |
| ૭ | રજસ્વલા ધર્મપાલન મર્યાદા...ધર્મ-મર્યાદા ચિંતન | સાધુ નિષ્કામસ્વરૂપદાસ - સરધાર | ૧૨ |
| ૮ | શું 'માણસ' ખોવાયો છે ?...સંસ્કૃતિ ચિંતન | સાધુ યોગેશ્વરદાસ - સરધાર | ૧૪ |
| ૯ | પુરુષોત્તમપ્રકાશ વિવેચન...શાસ્ત્ર પરિચય ચિંતન | સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી - સરધાર | ૧૬ |
| ૧૦ | સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન....ઉપાસના ચિંતન | સાધુ જ્ઞાનવલ્લભદાસ - સરધાર | ૧૮ |
| ૧૧ | મોક્ષના દાતા : ધર્મવંશી ગુરુ...આચાર્ય મહિમા ચિંતન | સાધુ ધર્મવલ્લભદાસ - સરધાર | ૨૦ |
| ૧૨ | વાણીમાં વિવેક જરૂરી છે...વાણી-વિવેક ચિંતન | સાધુ નિર્દોષસ્વરૂપદાસ - સરધાર | ૨૨ |
| ૧૩ | શ્રીહરિનું મંદવાણ ગ્રહણસ્થાન...તીર્થ મહિમા ચિંતન | પૂ. પુરાણી શ્રી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા | ૨૩ |
| ૧૪ | ઉપાસ્ય મૂર્તિ શ્રી સહજાનંદ સ્વામી...ઉપાસના ચિંતન | રાજગોર હસમુખભાઈ. એચ. - મુંબઈ | ૨૪ |
| ૧૫ | પ્રતિષ્ઠીત સ્વસ્વરૂપો...સંપ્રદાય ઈતિહાસ ચિંતન | રાજેશભાઈ જી. મકવાણા - પુના | ૨૫ |
| ૧૬ | સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન...બાલ-યુવા સત્સંગ ચિંતન | પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત - સરધાર | ૨૬ |
| ૧૭ | ઘેર બેઠાં સત્સંગનો દિવ્ય લ્હાવો...સંકલિત | | ૨૮ |
| ૧૮ | સત્સંગ સમાચાર પત્રિકા... | | ૩૧ |


## :: લવાજમ અંગે ગ્રાહક પત્રવ્યવહાર ::


શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

Visit us : www.sardhar.org u E-mail : amrutdhara2003@yahoo.com



સંકલિત

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલની

# "દિવ્ય અમૃતવાણી"

સમાજમાં રહેલા દુષણોને દૂર કરવાની ભગવાનની જે રીતી એને આપણે સહુ વેગવંતી બનાવીએ. અને ધર્મની અંદર રહેલી જે કંઈ ક્ષતિઓ હોય એને દૂર કરવા માટે આપણે કટિબધ્ધ બનીએ, જેથી સમાજમાં ધર્મની સારી છાપ ઊભી થાય. અને દરેક આપણને એમાં સહકાર આપે. શ્રી હરિકૃષ્ણ મહારાજ દરેકને સદ્‌બુદ્ધિ આપે, સર્વને ખૂબજ શક્તિ આપે અને ધર્મની જે ભાવના એને ખૂબ બળવાન બનાવે, એવી એમના ચરણોમાં પ્રાર્થના. ભગવાન શ્રી સ્વામિનારાયણે ધર્મ સ્થાપયો એ ધર્મ સમાજના કલ્યાણ માટે છે. અને એ જ આપણું જે કાર્ય એને આપણે આગળ ધપાવવાનું છે. માટે દરેક ભક્તો ખૂબ ભગવાનને સંભારીને બળવાન બનજો. અને ખૂબ ભગવાનનું ભજન કરજો. અને ધર્મ, નિયમ તથા સમાજની સુરચના એને કટિબધ્ધ કરવાને માટે, એને સુઘટિત કરવાને માટે સતત પ્રયત્નશીલ રહેજો તો ભગવાન શ્રી સ્વામિનારાયણનો રાજીપો મળશે. અને અમારા પદ પ્રત્યે, અમારા પ્રત્યે જે કાંઈ આવડ્યું, જે કાંઈ અમોએ જાણ્યું, એનાથી તમો આત્મીયતાથી અમારા સહુ પરીવાર સાથે જોડાયા છો, તો એ બદલ તમને ખૂબ ખૂબ ધન્યવાદ છે. દરેકને ખૂબ ખૂબ આશીર્વાદ સાથે જય શ્રી સ્વામિનારાયણ......''

**- પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી - વડતાલ**

''ભગવાન શ્રી સ્વામિનારાયણે આ સંપ્રદાયની સ્થાપના જ્યારે કરી ત્યારે અનેક જીવોના કલ્યાણ માટે મોક્ષ માર્ગની સ્થાપના કરેલી છે. દરેક સંતોનું, દરેક હરિભક્તોનું જીવન તે આ સંપ્રદાયનું પ્રતિબિંબ છે. આપણા ચારિત્ર્ય, આપણા વર્તન,વ્યવહાર, ક્રિયા એ સંપ્રદાયની લાક્ષણિકતાને પ્રગટ કરતું છે. અને આવી પરિસ્થિતીની અંદર જ્યારે કળિયુગનો ઘોર વ્યાપ થઈ રહ્યો છે ત્યારે પવિત્ર અને સદાચારી જીવન જીવવું, શિક્ષાપત્રીના આદેશો પ્રમાણે આપણું જીવન જીવી, એક ઉચ્ચકોટિના ભક્ત અને ભગવાનના કૃપાપાત્ર બનવાના જે પ્રયત્નો કરી રહ્યા છીએ તે ખરેખર તે જીવનનો ધન્યભાગી પ્રસંગ ગણાય. ભગવાન શ્રી સ્વામિનારાયણે જે આ સંપ્રદાયના છ અંગ છે એમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત મંદિરો, શાસ્ત્રો, આચાર્યો, સંતો, હરિભક્તોએ સત્સંગને માટે પોતાનું જે યોગદાન આપેલું છે તે બધાયનું ફળ સત્સંગમાં જાગૃતિ, સત્સંગનો વિકાસ અને એકતા સદાચારની ભાવના દરેક સંતો-હરિભક્તોના હૃદયમાં વ્યાપે એટલા માટે આપણે સમૈયા-ઉત્સવ કરી રહ્યા છીએ.

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ભક્તોના કલ્યાણને અર્થે આ પૃથ્વી પર પ્રગટ થયા. અને સરધાર જેવા તપોભૂમિને તીર્થભૂમિ બનાવી દીધી. પોતાના ચરણકમળથી અંકિત કરી જે સરધારની ભૂમિનો ઈતિહાસ આપણે સહુ જાણીએ છીએ. શ્રીજી મહારાજ પોતે ચાર-ચાર માસ સુધી અહિં રોકાયેલા છે. અને વિશેષ કરીને આનું જો મહત્ત્વ સમજવું હોય તો એક જળપ્રકૃતિ કે જળની અંદર રહેનારા માછલાઓને પણ અહિં સમાધિ કરાવી છે. આપણે પણ જો આપણા મન-કર્મ-વચનથી ભગવાનની આજ્ઞા સાથે વર્તીને, ભગવાનના સ્વરૂપમાં આપણી એકાગ્રતા અને દ્રઢતા જોડીએ તો આપણને છતે દેહે અક્ષરધામના દર્શન થાય એમાં કોઈ શંકાની વાત નથી. આજનો આ પ્રસંગ ખરેખર આપણા સૌના જીવનમાં એક અનેરો વળાંક લાવનારો છે. જેનાથી આપણું જીવન વધારેને વધારે ભગવાન શ્રીહરિના ચરણ સમીપ જઈ શકે. આપણા કર્તવ્ય, આપણી ફરજો, આપણે બજાવવાની છે. અને એની અંદર જે પણ કરવું ઘટે તે કરવા આપણે સર્વને મહારાજનો રાજીપો લેવા તત્પર રહેવું જોઈએ. ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વને સદ્‌બુદ્ધિ આપે અને સર્વને બળ આપે એવા અમારા સમગ્ર ધર્મકુળ પરીવાર વતી દરેકને શુભાશીર્વાદ......સહ જય શ્રી સ્વામિનારાયણ''

**- પ.પૂ. લાલજી મહારાજશ્રી - વડતાલ**



**પ્રેરણા ચિંતન**

# પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનો પત્ર

સત્સંગના લાડીલા સર્વે હરિભક્તોને ઘણાજ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...

વ્હાલા ભક્તજનો ! ભગવાનને રાજી કરી તેની પાસે પહોંચવા માટે મુમુક્ષુએ શું શું કરવું જોઈએ, તેનો વિચાર કરી અમલમાં મૂકે તેને જ ડાહ્યો કહેવાય. બાકી લોક વ્યવહારે ગમે તેટલો મોટો હોય યા તો શાસ્ત્રમાં ગમે તેટલી દૃષ્ટિ પહોંચતી હોય પરંતુ પોતાના મોક્ષને માટે જતન ન કરે તો તેને ભગવાન શ્રીહરિ ગ.પ્ર.પ્રકરણના ૫૦માં વચનામૃતમાં જાડી બુદ્ધિવાળો કહે છે.

માટે આ વાત ઉપર આપણે પોતેજ ઘણોજ વિચાર કરવાનો છે કે 'રખેને આપણે મોક્ષમાર્ગે કોઈ ભૂલ તો નથી કરી બેસતા ને ? આપણી જાતને ડાહ્યા અને હોંશિયાર સમજી રખેને ગાંડપણ તો નથી આચરતા ને ?' આમ, વારંવાર વિચાર કરી જીવનમાં મોક્ષરૂપી લક્ષ્ય સિદ્ધ કરી લેવું જોઈએ.

સાવ સાચું કહું તો આ દુનિયામાં બહુ ડા'પણ કરવામાં કાંઈ જ માલ નથી. આ જગત તો આપણને સૂળીએ ચડાવી દઈ પોતાનું ખીચડું પકાવી લે તેવું સ્વાર્થી છે. માટે જગતના વહેણમાં તણાયા સિવાય સાવધાન બની ભગવાન શ્રીહરિને રાજી કરી લેવા.

વ્હાલા ભક્તો ! ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ માટે મંડ્યા રહો. ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને અદ્‌ભૂત અવસર આપ્યો છે, કૃપા કરી દિવ્ય સત્સંગ ઓળખાવ્યો છે. ષડ્અંગી સંપ્રદાયમાં પ્રવેશ આપી આપણને પોતાને શરણે લીધા છે. માટે હવે રખેને ગાફલાઈ ન રહી જાય તેના માટે અખંડ ચિવટ રાખી ખૂબ ભજન કરી લેવું.

આ જીવન અનેક વિટંબણાઓથી વિટાયેલું છે. જીવનમાં એવી કોઈ વિટંબણા આવી પડે કે જેમાંથી નીકળવાનો કોઈ માર્ગ જ મળતો ન હોય ત્યારે તો બધું જ છોડી એક મહારાજના ભજનમાં મંડી પડવું. જેથી કરીને શ્રીજી મહારાજ જરૂરને જરૂર કોઈ માર્ગ બતાવશે.



જો કે આ તો મહારાજ અઢળક ઢળ્યા છે. પોતાના આશ્રિતોના દુઃખ માંગી લઈ તેને પરમ સુખીયા કર્યા છે. હવે તો દુઃખમાત્ર મનના દગાનું છે. મનના પેચમાં ન આવે તે જ પરમેશ્વરને પામી શકે છે. શ્રીજી મહારાજ સા.૧ વચનામૃતમાં એમ કહે છે કે 'જેણે મન જીત્યું તેણે તો જગત જીતી લીધું છે. અને તે જ સાચો વિજેતા છે.' માટે મંડ્યા રહેવું, બાકી તો આ જગતમાં કોઈનું પુરું થયું નથી અને કોઈનું થવાનું પણ નથી. કારણ કે આ જગતના ગમે તેવા સુખ પ્રાપ્ત કર્યા પછી પણ તેનાથી શ્રેષ્ઠ સુખ નજરે ચડવાનું જ છે. જે આપણા દુઃખનું મુખ્ય કારણ બની જશે.

માટે તમામ દુઃખ ટાળી જો સુખીયા થવું હોય તો સર્વેથી શ્રેષ્ઠ સુખ કે જેના પર કોઈ સુખ જ નથી તેવા ભગવાન શ્રીહરિ તેની મૂર્તિને સુખે સુખીયા થઈ જવાય તેવો સતત દાખડો કરવો તો જગતના સુખ આપોઆપ દુઃખરૂપ બની જશે. અને તેનો ત્યાગ કરવો નહિ પડે પણ થઈ જશે.

બાકી આવા સર્વોપરી ભગવાનની ઓળખાણ પછી વિષયમાં પ્રીતિ રાખવી તે ભગવાનના ભક્તને ન ઘટે. તેમ વિચાર કરી, વિષયમાંથી પાછા વળી કુટેવનો, વિષયનો ત્યાગ કરી અંધશ્રદ્ધાઓ વગેરેમાંથી બહાર નીકળી એક ભગવાન શ્રીહરિને રીજવી દેવા. જગતના ડોળમાં નહિ ભળતા સત્સંગમાં ભળી આત્માનું શ્રેય સાધી લેવું તે જ સર્વ શ્રેષ્ઠ ડા'પણ કહેવાય.

વર્તમાનકાળમાં સંપ્રદાયમાં ઘણો જ વિક્ષેપ ચાલી રહ્યો છે. પરંતુ તેમછતાં બીજા બધાજ પ્રકારની ચિંતાનો ત્યાગ કરી શ્રીજી મહારાજ એક દિવસ બધું જ સારું કરશે. એમઆ વચન ઉપર વિશ્વાસ રાખી ભગવાન શ્રીહરિનું ભજન ખૂબ કરી લેજ્યો. બસ, એટલી જ ભલામણની સાથે પત્રને પુરો કરું છું.

**લી.**
**સ્વામી નિત્યસ્વરૂપદાસજીના**
**ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ...**

**વિચાર વિમર્શ**

સંકલન : સાધુ પ્રેમવલ્લભદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)

# જેને દોષો સામેના સંઘર્ષમાં રસ નથી એ ખરા અર્થમાં સજ્જન નથી...!!!

## પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સત્સંગ-પ્રવચનોમાંથી સંકલિત.

વસંતઋતુ આવે ત્યારે ઉપવનના દોરદમામ સંપૂર્ણ બદલાઈ જતા હોય છે. પુષ્પો પૂર્ણરૂપે મહોરી ઉઠે અને વલ્લરીઓ પણ વિક સ્વર બની ઉઠે. કારણ કે વસંતઋતુની પ્રકૃતિગત વિશેષતા કોઈ એવી હોય છે કે એના આગમનમાત્રથી બાગમાં સુગંધ આવી જાય.

જ્યારે પાનખરઋતુની વાત આનાથી ન્યારી છે. એ આવે એટલે બાગ સાવ બેહાલ થઈ જાય. પર્ણો પીળાં થઈ જાય, તો પુષ્પો પણ ખરી પડે - કરમાઈ જાય. કારણ કે પાનખરઋતુની પ્રકૃતિગત વિચિત્રતા એ છે કે એનાથી વનમાં વિરાની આવી જાય.

વસંતઋતુ ખુશહાલી લાવે છે, જ્યારે પાનખરઋતુ બેહાલી લાવે છે.

પણ ...જરા વિચારીને જુઓ તો ભગવાનની પ્રકૃતિની વિલક્ષણતા એ છે કે આ ખુશહાલી કે બેહાલીની અસરો કાંટાઓ ઉપર કદી થતી નથી ! એ તો વસંતઋતુમાં ય એટલા જ કાતિલ-તીક્ષ્ણ હોય છે અને પાનખરઋતુમાં ય એટલા કાતિલ હોય છે. એને ન તો વસંતની વિશેષતા સ્પર્શે છે, ન તો પાનખરની વિચિત્રતા...!!

પુષ્પો અસરગ્રસ્ત રહે અને કાંટાઓ અસરમુક્ત રહે એવી પરમાત્માના દરબારની આ વિલક્ષણતા પર ચિત્તને ચમત્કૃત કરી દે એવી ચિંતનસભર પંક્તિઓ છે કે 'વસંતઋતુનો આનંદ અને પાનખરની વેદના ફક્ત ફુલોને હોય છે, કાંટાઓને નહીં. એમ સદ્‌ગુણોનો આનંદ અને દોષોની વેદના માત્ર સજ્જનોને હોય છે, દુર્જનોને નહિ !!' આ કાબિલેદાદ પંક્તિઓ ખરેખર સચોટ નિરીક્ષણનું એવું જ સચોટ બયાન કરે છે. આપણે પંક્તિઓ અર્થ જોઈએ.

પહેલા વિચારણા કરીએ સજ્જનોની. એમની સરખામણી પુષ્પો સાથે જે કરાઈ છે એ બિલકુલ યથાર્થ છે. કેમ કે પુષ્પો જેમ કોમળ હોય છે, એમ સજ્જનો ય કરુણાપૂર્ણ હોય છે - કોમળ હોય છે. પુષ્પ જેમ સુંગધ રેલાવતા હોય છે, એમ સજ્જનો પણ સત્કાર્યની સૌરભ રેલાવતા હોય છે. પુષ્પ જેમ નિરુપદ્રવી હોય છે, એમ સજ્જનો ય નિરુપદ્રવી હોયછે.

પુષ્પ સાથે આવી સમાનતા ધરાવતા સજ્જનોને પણ પુષ્પની જેમજ અલગ અલગ તબક્કે આનંદ અને વેદનાની અનુભૂતિ થતી હોય છે. પરંતુ એ અંગે એમના વિષયો ક્ષેત્રો અલગ અલગ છે. પુષ્પોને જો વસંતઋતુમાં આનંદની અને પાનખરઋતુમાં વેદનાની અનુભૂતિ થતી હોય છે, તો સજ્જનોને સદ્‌ગુણોમાં આનંદની અને દોષોમાં દુર્ગુણોમાં વેદનાની અનુભૂતિ થતી હોય છે. જેને દોષો સામે સંઘર્ષ કરવામાં રસ નથી એ ભલે દુનિયાની નજરમાં ગમે તેવી મહત્તા ધરાવતા હોય, પરંતુ એ ખરા અર્થમાં સજ્જન નથી. ખરો સજ્જન તે છે કે જે દોષો-પ્રવૃત્તિઓ સામે લડે અથવા રડે. કાં તો એ સંઘર્ષ કરીને-લડીને દોષોને નાબુદ કરે અને કાં એમ ન બની શકે તો કમસે કમ એ અંગે એ રડે-ઝૂરે તો ખરો જ. જેને દોષો પ્રત્યે ડંખ સુદ્ધા ન હોય એ વળી સજ્જન શે ગણાય ?

દોષો સામે સંઘર્ષ કરીને એને ઊગતા જ ડામી દેવાની તકેદારી પરંપરાગત ભારતીય સંસ્કાર ધરાવનારા સામાન્ય માનવીઓમાં ય જોવા મળે છે.

ગુજરાતના એક મોટા શહેરમાં ધનાઢ્ય ગૃહસ્થના મકાનનું બાંધકામ ચાલતું હતું. બાંધકામમાં જરૂરિયાત ધરાવતા જાત-જાતનાં માલસામાનમાં ઈંટોનો જથ્થો પણ મોટી સંખ્યામાં ત્યાં આવતો હતો. એક દિવસની વાત છે. ગામડાનો અભણ-અશિક્ષિત મીઠો કુંભાર ઈંટોનો મોટો જથ્થો લઈને આપવા આવ્યો. બાંધકામના કારકુને ઈંટો ગણાવીને એકતાલીશ હજાર ઈંટોના રૂપિયા આપવા માંડયા.

ત્યાં જ મીઠો ચમક્યો. કારણ કે ઈંટો તો એ અઠ્ઠાવીસ હજાર જ ગણીને લાવ્યો હતો. એણે તરત ખુલાસો કર્યો : "સાહેબ ! ઈંટો ફરીથી ગણો. હું પોતે ગણીને અઠ્ઠાવીસ હજાર લાવ્યો છું. એકતાલીશ હજાર થાય શી રીતે ?" આશ્ચર્યચકિત થઈ જઈને કારકુને ઈંટો ફરીને ગણી તો અઠ્ઠાવીસ હજાર જ નીકળી. અઠ્ઠાવીસ હજાર ઈંટોની રકમ ચુકવતા કારકુન મનોમન વિચારી રહ્યો કે મારી ભૂલના કારણે કુંભારને તો વગર માંગ્યે મફતમાં વધારાનાં રૂપિયા મળતા હતા, તો પછી ખુલાસો કર્યા વિના જ એ રકમ લઈને ચાલ્યો ગયો હોત તો એને તો લાભ જ થાત.

જાણે એના મનોભાવો પારખી ગયો હોય એમ મીઠો કુંભાર તરત બોલ્યો : "સાહેબ ! હવે બીજીવાર આવી ભૂલ કરતા નહિ, એ ભૂલ તમને નડત કે નહિ એ મને ખબર નથી. પરંતુ મને તો તમારી આ ભૂલ બરાબર નડી જાય." ત્યારે કારકુને કહ્યું : "કેમ એમ કહે છે ?" તરત મીઠાએ એનું સીધું સાદું છતાં આંબી ન શકાય એવું ઉચ્ચ ગણિત રજૂ કર્યું : "એ પૈસો તો અનીતિનો, હરામનો અને મહેનત વગરનો કહેવાય. એવો હરામનો પૈસો જે અજાણતાં ય મારા ઘરમાં ઘૂસી જાય તો ઘરની મારી પવિત્ર પરસેવાની કમાણી પણ અભડાઈ જાય ને નખ્ખોદ વાળી નાંખે." કારકુન સ્તબ્ધ થઈ ગયો એ મીઠાની આ મીઠી સમજણ અને મીઠી જબાનથી...!!!

જરાય ભણેલ ન હોવા છતાં સંસ્કારોના ભણતરમાં આજના

અનુસંધાન પાન નં. ૭

સાધુ વ્યાપકસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)

## ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રિય ઉત્સવ એટલે

# હુતાશની - ફુલદોલોત્સવ - રંગોત્સવ

### ફાગણ સુદ - ૧૫, ફાગણ વદ - ૧

વ્હાલા ભક્તજનો ! ખરેખર યંત્રવત્ યુગમાં જીવનનો થાક ઊતારવાનો કંઈક હિસ્સો આપણા ઉત્સવ-સમૈયાઓને ફાળે પણ જાય છે. કારણ કે ઉત્સવોને મનાવીને ઊજવીને હળવાશ અનુભવાય છે. સાથોસાથ માણસ માણસ પ્રત્યે પરસ્પર આત્મીયતાનું દૈવત પણ ઉત્સવો દ્વારા જ પ્રગટે છે. ત્યારે જ તો આજે દરેક માનવીઓ ઉત્સવપ્રિય દિન-પ્રતિદિન બનતા જાય છે. આમ તો ઉત્સવો પણ ધર્મરક્ષણનું કાર્ય કરે છે. આજે આ ભારતીય સંસ્કૃતિની એકતાના પાયામાં આવા ઉત્સવોનું અનેરૂ અને અમૂલ્ય પ્રદાન રહેલું છે.

વ્રત, પર્વ, તહેવાર એ ઉત્સવોના જ ત્રણ વિભિન્ન સ્વરૂપ છે. વ્રત માનવીને સંયમી જીવન જીવતા શીખવે છે, પર્વ સામુહિક રીતે ઊજવાતા હોવાથી તીર્થયાત્રા, કથાઓ, મેળાઓ, સમૈયાઓ દ્વારા ભાવાત્મક એકતાને બક્ષે છે.

જ્યારે તહેવાર જે તે ઐતિહાસિક-પૌરાણિક સંદર્ભોની સાથે જોડી માનવીને અસ્મિતા તથા ગૌરવની લાગણી અપાવે છે.



આમ, જીવનમાં પ્રેય અને શ્રેયનો સમન્વય કરે તે ઉત્સવ.

આવો... આપણે પણ આપણા સમાજજીવનના પ્રાણસમા આ ઉત્સવોમાંથી આપણા દેશનો પ્રાચીન તહેવાર **'હોળી-ફુલદોલ'** નામનાં ઉત્સવને સમજવાનો પ્રયાસ કરીએ.

આ ઉત્સવ ફાગણ સુદ - પૂનમને દિવસે મનાવવામાં આવતો હોવાથી 'ફાલ્ગુનિક' પણ કહેવાય છે.

આમ જોઈએ તો પ્રહ્લાદજીની કથા શ્રીમદ્ ભાગવતના સાતમા સ્કંધમાં ભગવાનની ઉતીલીલાના અનુસંધાને કહેવામાં આવી છે. ઉતીલીલા એટલે સત્ (પ્રહ્લાદજી) અને અસત્ (હિરણ્યકશિપુ)ની સંઘર્ષ કથા. આ ભાગવતની કથામાં વક્તા નારદજી છે અને તેના શ્રોતા મહારાજા યુધિષ્ઠિર છે.

પુરાણ કથા મુજબ જોઈએ તો દૈત્યરાજ હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ ભગવાનનો પરમ ભક્ત હતો. આપણે સૌ જે વાતને જાણીએ છીએ તેમ ભક્ત પ્રહ્લાદને મારી નાખવા અસુર પિતાએ ઘણાક પ્રયત્નો કર્યા. પરંતુ જ્યારે કોઈમાં સફળતા ન મળવાથી પોતાની બહેન હોલિકાને બોલાવવામાં આવી; કારણ કે હોલિકાને એવું વરદાન હતું કે તેની પાસે રહેલી એક દૈવી ચુંદડી ઓઢી લે પછી તેને અગ્નિથી કશું જ ન થાય. તેથી અસુર ભાઈના આગ્રહને વશ થઈ હોલિકા પોતાની ગોદમાં ભક્ત પ્રહ્લાદને રાખી પોતાની દૈવી ચુંદડી ઓઢીને ચિત્તામાં ગોઠવાઈ ગઈ. ત્યારબાદ ચિત્તાને જલાવવામાં આવી... ત્યારે જ ભક્ત પ્રહ્લાદનું મનોમય ભગવત્સ્મરણ બહાર આવ્યું ને જોરજોરથી ભગવાનના નામનું રટણ શરુ કર્યું. કારણ કે શાસ્ત્રોનો એ મત છે :-

> विपदो नैव विपदः संपदो नैव संपदः ।
> विपदः विस्मरणं विष्णोः संपदो नारायण स्मृतिः ॥

આ જગતમાં મનુષ્યોને માનવામાં આવતું દુઃખ તે દુઃખ જ નથી કે સુખ તે સુખ જ નથી. ખરેખર ભગવાનનું સ્મરણ ભૂલાય તે જ દુઃખ છે. અને જ્યાં ભગવાનનું સ્મરણ હોય ત્યાં દુઃખ ક્યારેય ન જ હોય ત્યાં સદૈવ સુખ જ હોય. એ સ્પષ્ટ વાત છે.

આ શાસ્ત્રોના વચનનો અહિં સાક્ષાત્કાર થયો. કારણ કે પ્રહ્લાદ ભગવાનના પરમ ભક્ત હતા અને મુખે ભગવાનનું અખંડિત નિર્ભિત નામસ્મરણ હતુ. જોરથી પવનના ઝપાટા શરૂ થયા. તે પવનના પ્રતાપથી હોલિકાની જ ચુંદડી ઊડી અને ભક્ત પ્રહ્લાદને વિંટાઈ વળી ને આખરે હોલિકા જ સળગી ગઈ અને ભક્ત પ્રહ્લાદજી બચી ગયા. આમ, આસુરી વૃત્તિનો ઘોર પરાજય થયો ને દૈવીશક્તિનો જ્વલંત વિજય થયો.

આ ઉપરના પ્રસંગથી જ સત્યુગથી આજ સુધી ભક્તની રક્ષા ને આસુરી વૃત્તિના વિનાશને સાંગોપાંગ સમજાવવા લોકો ઘેર-ઘેર, નગરોનગર, ગામને ગોંદરે અગ્નિને પ્રગટાવી અગ્નિદેવને પ્રાર્થના કરે છે કે વિષય વાસનારૂપ અમારી આસુરી વૃત્તિઓને સળગાવી દઈ અમજેવા ભક્તને બચાવી લેજ્યો. જ્યારે પ્રહ્લાદ બચી ગયા છે ને હોલિકા સળગી ગઈ છે ત્યારે આ વાતની લોકોને જાણ થતા

સર્વત્ર આનંદ-ઉત્સવ થયો. સાથોસાથ રંગ-ઉત્સવ ઊજવીને ભક્ત પ્રહ્લાદજી પ્રત્યેના પ્રેમને પ્રગટાવ્યો, ત્યારે ફાગણ વદ - ૧(એકમ)નો દિવસ હતો. જેને આજે **'ધૂળેટી'**ના નામથી ઓળખવામાં આવે છે. સાથોસાથ આ જ દિવસે ભરતખંડના રાજા શ્રીનરનારાયણ ભગવાનનો પ્રાગટ્ય દિવસ હોવાથી સર્વત્ર ભારત દેશમાં પ્રાગટ્યદિન પણ ઊજવવામાં આવે છે. આ જ દિવસે દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણને ગોપ-ગોપીઓએ નવીન ફૂલોથી શણગારી ફૂલના હિંડોળે હિંચકાવ્યા હતા. અને ગુલાલ રંગ ઊડાડી રંગોત્સવ મનાવ્યો હતો તેથી આ દિવસને **'ફુલદોલ ઉત્સવ દિન'** તરીકે વૈષ્વણ-ભક્તિ સંપ્રદાયમાં તેનું સ્થાન વિશિષ્ટ છે.

ભવિષ્યોત્તર પુરાણમાં આ ઉત્સવ અંગે એક સુંદર કથા જોવા મળે છે. યુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણને હોળીના ઉત્સવનું રહસ્ય પૂછે છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : ''પૂર્વે રઘુ રાજાના રાજ્યમાં ઢુંઢા નામે રાક્ષસી દરરોજ સાંજ પડ્યે બાળકોને ઊપાડી જતી. આમ ખૂબ ત્રાસ આપતી હતી. પ્રજાએ રાજાને રક્ષા કરવા ખૂબ વિનંતી કરી. રાજા રઘુએ પણ તપાસ કરાવી તો જણાયું કે રાક્ષસીને મહાદેવ શિવજીનું વરદાન હતું કે 'દેવ કે માનવ, અસ્ત્ર કે શસ્ત્ર આદિ ઘણા ઉપાયોથી તું મરીશ નહિ.' પણ હા જો બાળકો આનંદ-મસ્તી કરતા હોય તો તેનાથી મરણનો પૂરો ભય. રઘુરાજાને આ વાતની જાણ થતા તેણે રાજ્યના સર્વે પુરોહિતોને બોલાવ્યા. અને આ અંગે શું કરવું ? આ વિચારણાને અંતે પુરોહિતોએ કહ્યું : ફાગણ સુદ - ૧૫(પૂનમ)ને દિવસે બાળકો માટે આનંદ-કિલ્લોલનો દિવસ આજથી નિશ્ચિત કરીએ. આ દિવસે હોળીકા રચી બાળકો ખૂબ જ આનંદ મોજમસ્તી કરી રહ્યા હતા. તેમની પાસે રાજાએ પ્રદક્ષિણા કરાવી બાળકો દ્વારા હોમયજ્ઞ કરાવ્યો.તેથી રાજ્યમાંથી ઢુંઢા રાક્ષસીનો ત્રાસ દૂર થયો. ત્યારથી આ ઉત્સવ બાળકોનો વિશેષ ઉત્સવ ગણાયો છે. તેથી તો બાળકોને ખજુર તથા ડાળિયા આદિક વહેંચી આનંદિત કરવામાં આવે છે.



આ ઉત્સવ વસંતઋતુના આગમનની ઓળખ આપે છે. દક્ષિણ ભારતમાં હોળીના બીજા દિવસે રંગઉત્સવને બદલે પાંચમા દિવસે (રંગપંચમી)તે મનાવવામાં આવે છે. પરંતુ હાલમાં જ્યારે જ્યારે આ ઉત્સવ આવે ત્યારે ત્યારે રંગોત્સવમાં આજે સર્વત્ર સ્ત્રી-પુરુષો મર્યાદાને તોડી, સંયમને ચૂકી આ દિવસે અશ્લીલતા ઉભરાઈ જાય છે. સાથો સાથ એવા એવા ફટાણા-ગીતો ગવાય છે કે જેનાથી સમાજમાં ઘણી વિકૃતિઓ ઉત્પન્ન કરી આત્મઘાતક પરિણામો આ સમાજે જોયા છે. જો વસંતમાં કામનું જોર વધ્યું તો શિવજી દ્વારા તેને નષ્ટ કરવામાં આવ્યો હતો.

આમ, આ ઉત્સવ તો સંયમના વિજયની યાદી અપાવતો અને ઊંડો ઉત્તમ મર્મથી ભરપૂર છે એવો છે. જેથી તો સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે શિક્ષાપત્રીમાં કલમ ઊઠાવીને તેની પૂરી મર્યાદા બતાવી છે :-

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૭૨)

આ શ્લોકનું વિવરણ કરતા શિક્ષાપત્રી ભાષ્યમાં સદ્. શતાનંદ સ્વામી આ પ્રમાણે બતાવે છે કે :- ''અમારા આશ્રિત વિધવા સ્ત્રીઓએ હોળીની રમતની (પરસ્પર રંગ ગુલાલાદિ નાખવા રૂપ) ક્રિયાઓ ન કરવી.''

આ ઉત્સવ ખરેખર આપણને એક સરસ ઉપદેશ આપી જાય છે; પ્રહ્લાદજી એ સતત ભગવન્નામનો જપ અખંડિત ને નિર્ભયપણે શરૂ રાખ્યો તેથી ભગવાને તેમની રક્ષા કરી છે. ભગવાનના નામ-મંત્રજાપનો ખૂબજ મહિમા છે. તે માટે તો અગ્નિપુરાણમાં ભગવાન શ્રી વ્યાસજીની કલમે લખાયું છે :-

जकार जन्म विच्छेद पकारः

पापनाशकः ।

तस्माद् जप इति प्रोक्तो

जन्मपापविनाशकः ॥

જપ નામનો અર્થ જ એ છે કે 'જકાર એટલે ફરી જન્મવું જ ન પડે.' 'પકાર એટલે પાપનો વિનાશ કરે છે.' આમ, જપ એટલે દરેક જન્મના હરેક પાપોનો નાશ કરનાર છે ભગવત્નામનો અખંડિત જપ. ત્યારેજ તો આપણે પણ આ ઉત્સવના પવિત્ર દિવસે નિયમ લઈએ કે દરેક ક્રિયામાં અખંડ ભગવાત્નામનો જપ કરીશું અને પ્રહ્લાદજી જેવા નિર્ભય દ્રઢભક્ત બનીશું. ભક્ત પ્રહ્લાદે તેમના પિતાનો ત્યાગ કર્યો ને અસુરનો પક્ષ ન લીધો અને દ્રઢભક્ત કહેવાયા. સાચા ભક્ત થાવું તે કાંઈ નાની બાબત નથી. એક સંતે કહ્યું છે :-

**'સતી શૂર કો સહજ હૈ, દો ઘડી કા કામ; ભક્ત બનના બહોત કઠિન હૈ, જીવનભર સંગ્રામ.'**

આમ, એવા સાચા શૂરવીર ભક્ત થઈએ કે સત્યને માટે સમગ્ર જીવનભર અંતિમ શ્વાસ સુધી ઝઝુમતા રહીએ ત્યારે જ આપણા ઉપર પણ મહારાજ રાજી થાશે. જેમ પ્રહ્લાદની રક્ષાર્થે સ્થંભમાંથી પ્રગટ્યા તેમ આપણને પણ મહારાજ કંઈને કંઈ દ્વારા આપણા સાથે ભળીને સત્યને વિજયી બનાવશે જ.

+ સં.૧૮૫૮માં સૌપ્રથમઆ ઉત્સવ માંગરોળમાં ઉજવવામાં આવ્યો હતો. અને ફાગણ વદ - ૧ (એકમ)ને દિવસે દેવીવાળા મગ્નીરામને દિક્ષા માંગરોળમાં આપીને 'અદ્વૈતાનંદ સ્વામી' નામપાડ્યું હતું.

+ સં.૧૮૬૩માં ધોરાજી ગામે શ્રીજી મહારાજે ફૂલદોલનો ઉત્સવ ઉજવેલો ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામીએ વડની ડાળે હિંડોળો બાંધીને મહારાજને હિંચકાવ્યા હતા. આજે પણ આ વડ મોજુદ છે જે વટવૃક્ષ 'લાલવડ' તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ થયેલ છે.

+ સં.૧૮૬૮માં સારંગપુરમાં ભગવાન શ્રીહરિએ આ ઉત્સવ ઉજવી જીવાખાચરને વર આપ્યો હતો કે 'આ ગામની સીમ સુધીમાં જે કોઈનું મૃત્યુ થશે તેને જમનું તેડું નહિ આવે.'

+ સં.૧૮૭૨/૭૩માં ફૂલદોલનો ઉત્સવ વડતાલમાં ખૂબજ વિશાળતાથી ઉજવેલ. જેમાં સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાના હિંડોળે મહારાજને ઝુલાવ્યા હતા. તે હિંડોળો આજે પણ અક્ષરભુવનમાં દર્શન આપે છે.

+ સં.૧૮૭૬માં મહારાજે ગઢપુરમાં બહુજ વિશાળ ફલક પર આ ઉત્સવ ઉજવેલ. સાથોસાથ સંતો-હરિભક્તોને વાસના ટાળવાનો ઉપદેશ આપેલ, તેનો સંગ્રહ ગ.પ્ર.પ્રકરણના ૬૦માં વચનામૃતમાં થયેલ છે.

+ સં.૧૮૭૭માં શ્રીજી મહારાજે પંચાળામાં આ ઉત્સવ અતિ ઉત્સાહથી ઝીણાભાઈના દરબારમાં ઉજવેલ, ત્યારે જ તિલક-ચાંદલાની શરૂઆત કરેલ. અને સૌપ્રથમ સદ્. ગુણાતીતાનંદ સ્વામીના કપાળે તિલક-ચાંદલો કરી તમામ સંતો-ભક્તોને મહારાજે શીખવ્યો હતો.

+ સં.૧૮૭૮માં ગઢપુરમાં મહારાજે દાદાખાચરના દરબારમાં આ ઉત્સવને ઉજવેલ. ત્યારે ભગવાન શ્રીહરિએ સંતો-ભક્તોને ઉપદેશ આપેલ. સર્વશાસ્ત્રનું રહસ્ય સમજાવેલ તથા પરમેશ્વરને સર્વકર્તા જાણવારૂપ જે મોક્ષમૂલક ઉપદેશ તેનો સંગ્રહ આપણા નંદસંતોએ ગ.મધ્ય પ્રકરણના ૨૧માં વચનામૃતમાં કરેલ છે.

+ સં.૧૭૯માં શ્રીજી મહારાજે આ ઉત્સવ પંચાળામાં અતિ ધામધુમથી ઉજવેલ. અને સાથે સાથે રાત્રે દરેક સંતોની સાથે અનેક રૂપો ધારણ કરી રાસ લીધો હતો.

+ સં.૧૮૮૧/૮૨માં આ ઉત્સવ અમદાવાદમાં ઉજવી શ્રીનરનારાયણ દેવને તેમના પ્રાગટ્યદિને ફૂલના હિંડોળે હિંચકાવ્યા હતા.

આમ, આ ઉત્સવ ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ ઘણોજ પ્રિય હતો. મહારાજે આ ઉત્સવ ગઢડા તથા વડતાલમાં તો અનેકવાર ઉજવી બંને ધામોની એક એક રજને રંગથી ભીંજવેલ છે. સ્ત્રીભક્તોનો વિભાગ અલગ રાખી સ્ત્રીઓ મર્યાદામાં રમતા. તથા શ્રીજી મહારાજ હરિભક્તો સાથે ભળી અને સંતોનો બીજો પક્ષ બનાવી બંને પક્ષ કરી સામસામા ખૂબજ હોળી-ફૂલદોલ-રંગોત્સવને અતિ ઉત્સાહથી ઉજવતા હતા. આ પ્રકારના ઉત્સવોથી પૃથ્વીમાં એક વિશિષ્ટ પ્રકારની ધર્મ-મર્યાદાનું પણ સ્થાપન કરતા હતા.

તે માટે આપણે પણ આજથી ૨૦ દિવસ (તા. ૧૬-૩-૦૬ ફાગણ વદ -૧ )પછી જ્યારે આ ઉત્સવ આવે છે ત્યારે શ્રીજી મહારાજ તથા નંદસંતો-હરિભક્તોને યાદ કરી તેમને રાજી કરવા માટે અતિદૃઢ મર્યાદાથી આ ઉત્સવને અતિ ઉત્સાહથી

અનુસંધાન પાન નં. ૪નું

ભલભલા શિક્ષિતને ટક્કર મારે તેવા મીઠા કુંભારનો આ ઉત્તર એ પ્રતીતિ કરાવી જાય છે કે જ્યારે હૈયે અનીતિ વગેરે દોષોની વેદના ત્રાસ ભય વિદ્યમાન હોય છે ત્યારે અનાયાસે આવી અણિશુદ્ધ સચ્ચાઈ મહોરી ઉઠતી હોય છે. આવી વ્યક્તિ અશિક્ષિત હોય તો ય એને સજ્જન તો અચૂક કહેવી જ જોઈએ. કેમ કે એનામાં દોષો પ્રત્યે વેદના-દોષો સામે સંઘર્ષની વૃત્તિ ભરપુર છે.

આવી વ્યક્તિઓમાં સદ્ગુણોના ઉઘાડ પ્રત્યે આનંદ પણ એટલો જ હોય. એથી જ તો પરસેવાની કમાણીને પવિત્ર ગણવાની એની મનઃસ્થિતિ હતી. કદાચ એ લોકો એમ માનતા હશે કે 'પરસેવો ભલે ખારો હોય, પરંતુ પરસેવાની કમાણી-પરસેવાનો રોટલો કદી ખારો નથી હોતો. એ તો મીઠો જ હોય !'

કાશ, ભ્રષ્ટાચાર વિરોધી વિભાગમાં નિયુક્તિ પામ્યા હોવા છતાં ય શ્રીમંતોની-ઉધોગપતિઓની ફાઈલો ક્લીયર કરવામાં લાખો-કરોડો રૂપિયાના તોડ કરતાં શિક્ષિત છતાં ભ્રષ્ટ અધિકારીઓને સજ્જનની ઉપરોક્ત લાક્ષણિક્તાથી મૂલવવામાં આવે તો ? તો ચિત્ર ઘણું અંધકારભર્યું ઉપસી આવશે એ નક્કી. આવો, આપણે એ અંધકારમાં ઉમેરો કરવાનું કે એને અભિશાપ આપ્યા કરવાનું કાર્ય કરવા કરતાં સજ્જનની પૂર્વોક્ત વ્યાખ્યામાં બંધબેસતી થાય એવી ભગવાન શ્રી સ્વામિનારાયણે ચિંધેલા માર્ગે જીવનશૈલીનું નિર્માણ કરીએ અને એ માટે યાદ કરીએ ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ અન્ય સંદર્ભમાં ટાકેલ એક મહત્ત્વનું વિધાન કે **'ઈટ ઈઝ બેટર ટુ લાઈટ એ લેન્ટર્ન ધેન ટુ કર્સ ડાર્કનેસ'** મતલબ કે અંધકારને અભિશાપ આપ્યા કરવાના બદલે ફાનસ પ્રગટાવવું વધુ યોગ્ય બનશે.

## પ્રકરણ - ૪

જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વપ્નમાં દર્શન થઈને આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી છે એવા ભૂજ મંદિરના સ.ગુ. સ્વામી શ્રી નંદકિશોરદાસજી રચિત

# આત્યંતિક કલ્યાણ

### તત્ત્વજ્ઞાનના અધિકારી

'इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥'

ભગવાન શ્રી કૃષ્ણચન્દ્ર અર્જુન પ્રત્યે (ભગવદ્ ગીતામાં કહેલા જ્ઞાનના અધિકારી જે ન હોય તેને એ જ્ઞાન ન કહેવું એ સિદ્ધાંત પ્રતિપાદન કરતાં) કહે છે : 'હે અર્જુન, જેની ઈંદ્રિયો નિયમમાં ન હોય-જેણે પોતાની ઈંદ્રિયો વશ ન કરી હોય, તેને આ જ્ઞાને તારે ન કહેવું. ઉપાસ્ય સ્વરૂપ હું અને મારા જ્ઞાનનો ઉપદેશ આપનારો તું-એ બન્નેમાં ભક્તિ ન હોય તેવો મનુષ્ય તપસ્વી ને ઈંદ્રિયજીત હોય, તો પણ તેને આ જ્ઞાન ન કહેવું. જે અનુવૃત્તિમાં રહેવારૂપ સેવા રહિત હોય તેને ન કહેવું; અથવા તો જે સાંભળવાની ઈચ્છાવાળો ન હોય તેને ન કહેવું. અને જે મારી મૂર્તિ, મારાં લીલાચારિત્રો ને મારાં ગુણ-ઐશ્વર્યમાં દોષારોપણ કરી મારો દ્રોહ કરવાના સ્વભાવવાળા હોય તેને આ જ્ઞાન ન કહેવું.[1] કારણ કે આ જ્ઞાન તને મારો પરમ સખા, એકાંતિક ભક્ત અને મારા વચનમાં અપૂર્વ શ્રદ્ધાવાળો જાણી મેં કહ્યું છે. આ જ્ઞાન તો ગુપ્ત રાખવા યોગ્ય મંત્ર, જપ અને દેવોપાસના વિધિના જ્ઞાન કરતાં પણ વધારે ગુહ્ય (गुह्याद्गुह्यतरम्) છે - સર્વ ગુહ્યતરમાં પણ અધિક ગુપ્ત રાખવા યોગ્ય (सर्वगुह्यतमम्) છે. તારે મારા સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા છે તેથી તું મને પ્રિય છે અને તેથી આ પરમ હિતજનક વચન તને કહું છું.[2] સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે શિક્ષાપત્રી લખી અને તે પોતાની શ્રીમુખની વાણી પોતાનું સ્વરૂપ છે એવું જણાવ્યા પછી બીજા જ શ્લોકમાં આદેશ કર્યો :-



'युक्ताय संपदा दैव्या दातव्येयं तु पत्रिका ।
आसुर्या संपदाऽऽढ्याय पुंसे देया न कर्हिचित् ॥'

આ મારી શિક્ષાપત્રી જે દૈવી સંપદયુક્ત હોય તેને આપવી. પણ જે આસુરી સંપદવાળો હોય તેને ક્યારેય ન આપવી.[3]

દૈવી-આસુરી સંપદનું વિવેચન ભગવદ્ ગીતાના સોળમાં અધ્યાયમાં સવિસ્તર કરેલું છે. દૈવી સંપદનો અર્થ અનાદિમુક્ત સ. ગુ. ગોપાળાનંદ સ્વામીએ શ્રીમદ્ ભગવતગીતા ઉપરના પોતાના ભાષ્યમાં નીચે પ્રમાણે કર્યો છે :-

'दैवीसंपदम्-दिव्यन्ति भगवदाज्ञानुवृत्तिं गच्छन्ति प्राप्नुवन्तीति देवा-भगवदाज्ञानुवर्तिनस्तेषामियं संपद् भगवदाज्ञानुवर्तनरूपा समृद्धिः ।'

ભગવાનની આજ્ઞા-અનુવૃત્તિને પામેલા-અનુસરનારા ભગવદ્ ભક્તો 'દેવ' શબ્દથી કહેવાય છે. તે ભગવદ્ભક્ત-દેવોની સંપદ-ભગવાનની આજ્ઞા અનુવૃત્તિ રૂપ સમૃદ્ધિ તે દૈવી સંપદ કહેવાય.'' દૈવી સંપદવાળાઓને અધિકાર આપવાનું એટલું જ કારણ છે કે તેઓ પરમાત્માનો આદેશ ઝીલી પોતાના જીવનમાં ઉતારી શકે છે. પરમાત્માની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી શકે છે, જ્યારે આસુરી સંપદવાળા મનુષ્યો ઉપદેશ શ્રવણ કર્યા છતાં તે પ્રમાણે વર્તન કરી શકતા નથી. તે અનાદિ મુક્ત સ૦ ગુ૦ નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે :-

**'દૈવી આસુરી જીવ જગતમાં તે તો જાણે છે સહુ જન; દૈવી વરતે વચનમાં આસુરી ન માને વચન.'**[4]

પરમાત્માની આજ્ઞા પ્રમાણે વર્તનારા મનુષ્યો દૈવી છે. તેમને જ આ તત્ત્વજ્ઞાનનો અધિકાર છે, જ્યારે આસુરી જીવોની સમૃદ્ધિ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ વર્તવું એ જ હોય છે. પરિણામે દૈવી સંપદવાળા મનુષ્યો સંસાર-બંધનમાંથી મુક્ત થઈ આત્યંતિક કલ્યાણ પામે છે અને આસુરી સંપદવાળા વારે

(૧) ભગવદ્ ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૬૭
(૨) ભગવદ્ ગીતા અધ્યાય ૧૮ શ્લોક ૬૩-૬૪
(૩) શિક્ષાપત્રી શ્લોક ૨૧૦
(૪) નિષ્કુળાનંદકાવ્ય વચનસિદ્ધિ કડવું ૪૦

વારે જન્મ-મરણ સંસૃતિ પામી અપરિમિત બંધનમાં આવે છે. તે કહ્યુંછે :-

'दैवी संपद् विमोक्षाय निबन्धायासुरी मता ॥'[૫]

દૈવી સંપદ આત્યંતિક કલ્યાણ માટે છે અને આસુરી સંપદ જન્મમરણ સંસૃતિ માટે છે. આસુરી સંપદવાળા મનુષ્યો મોક્ષનાં સાધન કે મોક્ષનો ઉપાય કરી શકતા નથી; એટલું જ નહિ, પણ આ જગત પરમાત્માના આધારે છે એવું યે માનતા નથી. ફક્ત જગત આકસ્મિક છ-સ્ત્રીપુરુષોના અન્યોન્ય કામ-વિકારથી થયું છે એવું સમજે છે. વળી પોતાને જ સર્વ નિયામક ઈશ્વર, સિદ્ધ અને ભોગી માની લઈ સર્વ કર્મફળપ્રદાતા પરમાત્મા મારા સિવાય કોઈ છે જ નહિ એવા ભ્રમમાં અટવાય છે. દૈવી જીવો આસ્તિક છે-આસુરી જીવો નાસ્તિક છે : નાસ્તિકો આ તત્ત્વજ્ઞાનના અધિકારી નથી પણ આસ્તિકો છે એવું ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનું કહેવું છે. ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ દૈવી સંપદવાળાઓનો જ અધિકાર સ્વીકારી આસુરી સંપદવાળાઓને તો શિક્ષાપત્રી ક્યારે યે ન આપવી એવો ભારપૂર્વક આદેશ કર્યો છે; કારણ કે સર્પને દૂધ પાવું તે તેનામાં રહેલા ઝેરની અભિવૃદ્ધિ માટે થાય છે; તેમજ, આસુરી સંપદવાળાને આપેલો ઉપદેશ તે તેનામાં રહેલી આસુરી સંપદને પુષ્ટિકર્તા થઈ પડે છે. પરંતુ આસુરી જીવ આસુરી સંપદનો ત્યાગ કરી દૈવી થઈ શકતો નથી. તે કહ્યું છે :-

'દૈવી ને આસુરી-એ બે પ્રકારના જીવ છે તેમાં દૈવી જીવ હોય તે તો ભગવાનના ભક્ત જ થાય ને આસુરી હોય તે તો ભગવાનથી વિમુખ જ રહે. આસુરી જીવ દૈવી ન જ થાય, કેમજે એ તો જન્મથી જ આસુર ભાવે યુક્ત છે.'[૬]

ભક્તચિંતામણિ ગ્રંથના આરંભ ને અંતમાં અનાદિમુક્ત સ૦ ગુ૦ નિષ્કુળાનંદસ્વામીએ અધિકારીભેદ બતાવ્યો છે : નાસ્તિક, વિષયલંપટ, વ્યભિચારી તથા અલ્પ ઉપાસનાવાળા મનુષ્યો આગળ આ ગ્રંથની કથા ન કરવી ને અજાણતાં પણ આ ગ્રંથ તેવાઓને ન લખી દેવો એવું સૂચન કરેલુંછે.

આગળ જતાં પોતે કહે છે :-

**"દંભી, ધૂતા, ધર્મના જે દ્વેષી રે,**
**લોભી, લંપટી, ત્રિયા-ઉપદેશી રે;**
**તેને આપશે આ ગ્રંથ જેહ રે,**
**મહાદુઃખને પામશે તેહ રે.**
**હોય આસ્તિક પ્રકટ ઉપાસી રે,**
**હરિ-જન મને તે વિશ્વાસી રે;**
**ધર્મ નિ'મ માંહિ દૃઢ અંગ રે,**
**અનન્ય ભક્ત સાચો સત્સંગ રે.**
**અતિ પ્રકટમાં જેને પ્રીત રે,**
**કહેવો-સુણવો ગ્રંથ ત્યાં નિત્ય રે;**
**એકાંતિકની વાત છે આમાં રે,**
**બીજા સુણી શત્રુ થાશે સામા રે.**
**એમ લખ્યું છે સમજી-વિચારી રે,**
**સત્સંગીને છે સુખકારી રે.**
**છે તો ઘૃત અમૃત અનૂપ રે,**
**પણ કીટને તે દુઃખરૂપ રે.**
**માટે વિમુખ જનને ટાળી રે,**
**કહેજ્યો કથા આ સુંદર સારી રે.**
**સમજુ હશે તે સમજશે સાને રે,**
**હશે મૂરખ તે નહિ માને રે."**[૭]

તત્ત્વજ્ઞાન, આત્યંતિક મુક્તિ પ્રાપ્ત કરાવનાર છે. શ્રુતિ પણ કહે છે :- 'ऋते ज्ञानान्न मुक्तिः ॥'

જ્ઞાન સિવાય મુક્તિ થતી નથી; પરંતુ જ્ઞાન-મુક્તિદાતા પરમાત્મા તથા તેમના સાધર્મ્ય પામેલા મુક્ત પુરુષોની અપેક્ષા રાખે છે. પોતાની મેળે જ્ઞાન ગમે તેટલું શીખે પણ તેથી તો દેહાભિમાન, અહંભાવ ને મમત્વ વધ્યા કરે. પોતાથી પોતાની ભૂલ જોઈ શકાતી નથી; કારણ કે આ જીવ સ્વભાવથી બદ્ધ છે. અનાદિકાળથી માયાથી-અવિદ્યાથી ઘેરાયેલો છે. અજ્ઞાની જીવને ચેતાવનાર, જ્ઞાનનો પ્રકાશ આપનાર, અજ્ઞાન અંધકાર નિવારણ કરનાર સદ્‌ગુરુની આવશ્યકતા કાયમરહે છે. મુમુક્ષુ જ્ઞાન મેળવવા ગમે તેટલા પ્રયત્ન કરે પરંતુ એ પોતે ગુણમય રહ્યો એટલે રજોગુણ તમોગુણ જ્યારે વર્તતો હોય તે વખતે જ્ઞાન શ્રવણ કરે તો તે અર્થનો અનર્થ સમજે-રાગદ્વેષથી ખેંચાઈ જાય, પણ સચ્છાસ્ત્રનો અર્થ સવળો સમજી શકે નહિ. જુઓ શ્રીમદ્ ભગવદ્ ગીતાના આરંભમાં અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનની શરણાગતિ સ્વીકારી અને તેવા શિષ્યભાવે-વિનયવચન બોલ્યા :- 'शिष्यस्तेऽहं शाधिमां त्वां प्रपन्नम् ॥'[૮]

'હે ભગવન્, હું તમારો શિષ્ય છું; તમારે શરણે આવ્યો છું; મને શિક્ષાવચન કહો.' તે પછી પ્રસન્ન થઈ ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે પોતાના પ્રિય શિષ્ય અર્જુનને ગુરુગમ્યજ્ઞાન કેવી રીતે શિષ્ય પ્રાપ્ત કરી શકે તેનું માર્ગદર્શન કરતાં કહ્યું :- 'तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ॥'

હે અર્જુન, ગુરુને દંડવત્ પ્રણિપાતપૂર્વક વંદન કરવાથી અને તે પછી તેમની અનુવૃત્તિ સાચવવા રૂપ સેવા કરવાથી તે જ્યારે પ્રસન્ન થાય તે વખતે તેમને પ્રશ્ન પૂછી શંકા સમાધાન કરવાથી તને તેમનું જ્ઞાન પ્રાપ્ત થશે.[૯]

વિદ્યા મુખ્ય ચૌદ છે પણ તેના અવાંતર ભેદો તો હજારો છે. પરંતુ એ સર્વ વિદ્યામાં બ્રહ્મવિદ્યા શ્રેષ્ઠ છે. એ બ્રહ્મવિદ્યાનો અધિકાર-એની પાત્રતા તો ઘણાંજ મર્યાદિત હોય છે. વેદ-વેદાંગ, ધર્મશાસ્ત્ર, પુરાણો, મીમાંસા ને તર્ક-એ

**અનુસંધાન પાન નં. ૧૧**

(૫) ભગવદ્ ગીતા અધ્યાય ૧૬ શ્લોક ૫
(૬) વચનામૃત વડતાલ ૭
(૭) ભક્તચિંતામણિ પ્રકરણ ૧૬૪
(૮) ભગવદ્ ગીતા અધ્યાય ૨ શ્લોક ૭ છેલ્લુ પાદ
(૯) ભગવદ્ ગીતા અધ્યાય ૪ શ્લોક ૩૪

**સંત પંચવર્તમાન ચિંતન**

સંશોધક : સ્વામી આનંદસ્વરૂપદાસજી
(વેદાંતાચાર્ય) સરધાર

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં
પ્રવર્તાવેલ સંતોના પંચવર્તમાન એટલે

# ધર્મામૃત

(૧) નિર્લોભ (૨) નિષ્કામ (૩) નિઃસ્વાદ (૪) નિઃસ્નેહ (૫) નિર્માન તથા એકાંતિક ધર્મ

## અધ્યાય : ૨ - નિષ્કામી વર્તમાન

કામના દોષોનું અને તેના જયના ઉપાયોનું શ્રીહરિએ સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

શ્રી નારાયણમુનિ બોલ્યા : હે મુને ! જેમ સર્વે જલોનો આધાર સમુદ્ર માન્યો છે. તે જ પ્રકારે સર્વ દોષોનો આશ્રય કામ વિદ્વાનોએ કહેલો છે. (૧) જ્ઞાનશાસ્ત્રોમાં અતિકુશળ બ્રહ્મા-ઈન્દ્રાદિ અને બ્રહ્મસ્થિતિવાળા પણ કામનો ઉદય થવાથી સ્ત્રી સંબંધી સુખને બ્રહ્મસુખથી પણ અધિક માને છે. (૨) પંડિતો પણ કામથી સ્ત્રી સુખ પામવા માટે સ્ત્રીઓની સભામાં કપટથી નેત્રમાં જળનો પ્રવાહ વહાવવા પૂર્વક ભગવાનમાં પ્રેમદર્શાવવાનો આડંબર અને જ્ઞાનવાતો કરે છે. (૩) સ્ત્રીઓ પણ કામથી પુરુષોના સંગના સુખની પ્રાપ્તિ માટે કૃષ્ણની સાથે અભેદ - ભક્તમાં શ્રીકૃષ્ણની બુદ્ધિ કલ્પીને પ્રીતિથી શ્રીકૃષ્ણના ભક્તની સેવા કરે છે. (૪) સ્વયં ગુરુ પણ કામથી સ્ત્રીસુખની પ્રાપ્તિ માટે શિષ્યને પોતાની પાસે રહેનાર શિષ્યને બીજા કામ માટે મોકલીને પરાંગના બોલાવીને તેના ભોગ સુખનો અનુભવ કરે છે. અને શિષ્ય પણ કામથી સ્ત્રી સુખની પ્રાપ્તિ માટે પોતાના ગુરુને ઠગે છે. (૫) કામથી સગોત્રામાં ગમન થાય છે. તથા ગુરુ સ્ત્રી ગમન થાય છે તથા પોતાની જનનીમાં પણ ગમન થાય છે. પુત્રી તથા ભગિની અને પુત્રવધુમાં ગમન થાય છે. (૬) મહાકુલમાં ઉત્પન્ન થયેલા અને બ્રાહ્મણાદિ ઉત્તમ જ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા પુરુષોને કામથી મુસલમાનની તથા અંત્યજાતિની નીચ સ્ત્રીઓમાં પણ ગમન થાય છે. (૭) પુરુષોને કામથી પુરુષોમાં પણ મૈથુન માટે પ્રવૃત્તિ થાય છે અથવા ક્યારેક ગર્દભી વગેરે પશુજાતિઓમાં પુરુષોની મૈથુન માટે પ્રવૃત્તિ થાય છે. (૮) કામથી વાનરની માફક ધીરજરહિત, મહાવિદ્યાદિ ગુણોથી લોકમાં મહાપ્રતિષ્ઠિતપણે પ્રસિદ્ધિ પામેલા પણ ત્યાગી સાધુના પોતાના અથવા બીજાના હાથથી શિશ્નના અતિમંથનથી વીર્યપાત થાય છે. (૯) કામથી પૃથ્વીમાં વર્ણનું સાંકર્યપણું અને જાતિભ્રંશકર્મ થાય છે. કામથી ચાર વર્ણો અને ચાર આશ્રમોનો ધર્મભંગ થાય છે. (૧૦) સ્ત્રીઓને કામથી (ઉપભોગમાં અંતરાય કરનારા) પતિ-પિતા વગેરેના ઘાતમાં પ્રવૃત્તિ થાય છે. તે જ પ્રકારે પુરુષોને કામથી અવધ્ય સ્ત્રીઓના વધમાં પ્રવૃત્તિ થાય છે. (૧૧) કામથી બ્રાહ્મણાદિ ઉત્તમ વર્ણોની પણ અભક્ષ્ય, મત્સ્ય માંસાદિ ભક્ષણમાં, સુરાપાનમાં તથા અનૃત ભાષણમાં પ્રવૃત્તિ થાય છે (૧૨) કામને આશ્રિને ક્રોધ થાય છે. મદ, મત્સર, માન, ઈર્ષ્યા, દર્પ, દંભ, નિર્લજ્જપણું અને ચાડિયાપણું, અપકીર્તિ, સંમોહ, સ્મૃતિભ્રંશ, મતિનો નાશ, અપમૃત્યુ તથા ક્ષયાદિક મહારોગ આ બધા કામને જ આશ્રેલા છે. (૧૩-૧૪) કૂતરા વગેરેના નીચ શરીરની પ્રાપ્તિ, નાના પ્રકારના નરકની યાતનાઓ, અસત્ બુદ્ધિ તથા વારંવાર જન્મ-મરણનો પ્રવાહ અવિચ્છેદપણે રહે છે. તે કામથી થાય છે. (૧૫) એ આદિક કામના ઘણા પ્રકારના દોષો છે, જ. હવે તે દોષે સહિત કામને જીતવાના ગુણનામવાળા ઉપાયો હું કહું છું (૧૬) કારણ કે બળવાન શત્રુ કામ, પુરુષોને અને સ્ત્રીઓને યૌવન અવસ્થામાં અતિશયપણે પીડા કરે છે. માટે આ કામ સદ્વ્રતોથી જીતવો. (૧૭) સદ્વ્રતોનું કામના જીતવામાં ઉપાયપણું છે. માટે ધારણા-પારણા-સંજ્ઞાવાળું શુભવ્રત દરેક વર્ષે ચાતુર્માસમાં શાસ્ત્રવિધિને અનુસરીને જ કરવું. (૧૮) કામને મૂળમાંથી ઉખેડી નાખનાર-ચાંદ્રાયણ વ્રત અથવા પારાકવ્રત દેશકાળને અનુસરીને ચાર માસ સુધી યુવાન ત્યાગી સાધુ કરે. (૧૯) કૃચ્છ્ર-અતિકૃચ્છ્ર નામનું વ્રત-સાન્તપન વ્રત-ઉદ્દાલક વ્રત-યાવકવ્રત તથા સૌમ્ય કૃચ્છ્રનામનું વ્રત; (૨૦) તથા હે મુને ! ફલકૃચ્છ્ર-પર્ણકૃચ્છ્ર-મૂલકૃચ્છ્ર-જલકૃચ્છ્ર-માસોપવાસ વ્રત-ત્યાગી પુરુષ કરે. (૨૧) મનની કામવાસનાઓ વ્રતોથી જ નાશ પામે છે. માટે જ્યાં સુધી કામનો નાશ ના થાય ત્યાં સુધી દરેક વર્ષે આ વ્રતો કરવાં. (૨૨) તે જ પ્રકારે વસ્તુના સાર-અસારના વિચારથી અને નિષ્કામી સાધુઓના સમાગમથી ત્યાગીઓએ દુર્જેય પણ આ કામજિતાય છે જ. (૨૩) (તે વિચાર કહે છે) પુરુષ કામોપભોગની પ્રાપ્તિ માટે જે સ્ત્રીને ઈચ્છે છે તે સ્ત્રી માંસ અને હાડકાં, સ્નાયુઓ, મજ્જા, રુધિર, શ્લેષ્મઅને વિષ્ઠા જે મળ તેની જ ભરેલી છે, જ. (૨૪) કહેલા પ્રકારે અતિ નિન્દિત એવી સ્ત્રીને ઉદ્દેશીને કામાધીન પુરુષ જે શાસ્ત્રનિષિદ્ધ કર્મો કરે છે, તે કર્મો સત્ય જ થાય છે, (૨૫) પછી તે કામી પુરુષ તે કર્મોથી વિવિધ પ્રકારના નરકોને પામે છે. તથા શ્વાન, ગધેડા, વાનર, શૂકરાદિ જે યોનિઓ - ચોરાશી લાખ પ્રાણીઓની જન્મખાણો

તેને વારંવાર પામે છે. (૨૬) આ પ્રકારે વિચાર કરીને સ્ત્રીના ઉપભોગની આસક્તિનો દૂરથી જ ત્યાગ કરીને આ કહીએ છીએ એવા નિયમોમાં જ મુમુક્ષુ ત્યાગીઓએ અચલપણે રહેવું. (૨૭)

ત્યાગી પુરુષોએ કામાકુલ અસાધુજનોને જે પ્રિય લાગે તેવી સ્ત્રીઓની કથાઓ જે લૌકિકી અને શૃંગારિક વાતો તે ક્યારેય પણ સાંભળવી જ નહિ. તે સ્ત્રીઓની કથા-વાર્તા અને કીર્તન ન કરવું. (૨૮) ત્યાગી સાધુ સ્ત્રીઓની સાથે ક્રીડા ન કરે. તેઓને દૃષ્ટિથી ક્ષણમાત્ર પણ જુએ નહિ. સ્ત્રીઓની સાથે છાની વાર્તા બીજા પુરુષ દ્વારા પણ ક્યારેય પણ ન કરે. (૨૯) સ્ત્રીની પ્રાપ્તિ માટે સંકલ્પ ન કરવો. તેની પ્રાપ્તિનો નિશ્ચય ન કરવો. કાષ્ઠની યુવતીનો પણ સ્પર્શ ન કરવો. આથી પ્રત્યક્ષ સ્ત્રીનો સ્પર્શ તો થાય જ કેમ? (૩૦) જ્વાળાયુક્ત બળતા અગ્નિમાં પડવું તે શ્રેષ્ઠ છે અથવા વિષભક્ષણ શ્રેષ્ઠ છે. અથવા કૂવામાં પડવું શ્રેષ્ઠ છે. ક્યારેય પણ સ્ત્રીગમન શ્રેષ્ઠ નથી. (૩૧) તથા ત્યાગીઓએ સ્ત્રીજાતિમાત્રનું ગુહ્યઅંગ જોવું જ નહિ. સ્ત્રીના અંગ ઉપર રહેલું વસ્ત્ર અથવા ધારણ કરીને મૂકેલું વસ્ત્ર તેનો સ્પર્શ ન કરવો. (૩૨) ધોયેલું ભીનું હોય, અથવા સૂકવેલું હોય અથવા નવીન હોય ને અડી જવાય તેનો દોષ નથી સ્ત્રીના અંગ ધારણ કરેલા વસ્ત્રનો સંસ્પર્શ થાય, તો દોષ છે. (૩૩) ત્યાગીઓએ નારીઓની સન્મુખ ક્યારેય બેસવું નહિ. સ્ત્રીઓનું ચિત્ર ન કરવું. તે પ્રકારે નારીઓના ચિત્રનું અવલોકન કરવું નહિ. સ્ત્રીના ચિત્રનો સ્પર્શ કરવો નહિ. (આ ચિત્ર-કાષ્ઠાદિ સ્ત્રીપ્રતિમાના સ્પર્શનો નિષેધ તે રાધા, લક્ષ્મ્યાદિ દેવતાપ્રતિમાને વર્જીને સમજવો.) (૩૪) સ્ત્રીથી માર્ગમાં ચાર હાથ દૂર ચાલવું. શ્રીકૃષ્ણના જન્માષ્ટમ્યાદિ વ્રતોના ઉત્સવોમાં ઘણા મનુષ્યોનો સમૂહ હોય ત્યારે, દેવમન્દિરમાં, માર્ગમાં અજ્ઞાની બાલિકા બેઠી હોય તથા સાંકડા માર્ગમાં તથા ભિક્ષા માટે જવામાં સ્ત્રી સ્પર્શથી પોતાના અંગનું રક્ષણ કરવું. (૩૫-૩૬) (ક્રમશઃ)

અનુસંધાન પાન નં. ૯નું

ચૌદ પ્રકારની વિદ્યામાં પાત્રતાની અપેક્ષા રહે છે; તો બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવામાં તો કેટલી બધી પાત્રતા જોઈએ ? જે સમયમાં કેવળ બ્રાહ્મણજન્મથી જ, વિદ્યાભ્યાસથી જ કે તપશ્ચર્યાથી બ્રાહ્મણ ગણાતા ન હતા, પરંતુ જેનામાં તે બધા ગુણો સાથે વૃત્ત (બ્રહ્મચર્ય અને અહિંસા) હોય તે જ સાચા અર્થમાં બ્રાહ્મણ ગણાતા હતા તે વખતે મૂર્તિમાન વિદ્યાએ બ્રાહ્મણ પાસે જઈ આર્તનાદે રક્ષણની માગણી કરી કે હું વિશેષ તેજસ્વી થાઉં તે સારુ તમે મને અસૂયાવાળાઓને, સરળતારહિત એટલે કે પ્રપંચેયુક્ત હોય તેમને તથા વ્રતહીન હોય તેમને ન દેશો. મને તમે એવુ રક્ષણ આપશો તો હું નિધિ-ખજાના-રૂપે તમારી પાસે રહીશ. તે શ્રુતિમાં કહ્યું છે :-

'विद्या ह वै ब्राह्मणमाजगाम गोपाय मां शेवधिष्टेऽहमस्मि ।
असूयकायानृजवेऽव्रताय न मां ब्रूया वीर्यवती तथा स्याम् ॥'[10]

વિદ્યાએ બ્રાહ્મણ પાસે આવી પોકાર કર્યો : "મારું રક્ષણ કરો; હું તમારો ખજાનો-ભંડાર-છું. પણ મારાં પરાક્રમઅને તેજસ્વિતા જળવાઈ રહે તે માટે તમારે મને અસૂયાવાળા, પ્રપંચી તથા વ્રતહીન મનુષ્યને ભણાવવી નહિ.[10]

લધુચાણક્યનું વચન છે :- 'विद्यया सह मर्तव्यं न तु देया कुशिष्यके ।'

ગુરુએ પોતામાં જે વિદ્યા હોય તે કોઈ કુપાત્રને ન આપવી. વિદ્યા એવા કુપાત્રને ન અપાય ને સુપાત્ર ન જડે તો ભલે દેહનો અંત આવે ને મરી જવાય તો તે વિદ્યા સાથે મરી જવું સારું; પણ કુપાત્ર શિષ્યને ક્યારે યે વિદ્યા આપવી નહિ-ભણાવવી નહિ. અનાદિમુક્ત સ. ગુ. બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે :-

"જેવો હોય અધિકારી તેવો જોઈને રે,
પછી સભળાવે મંત્રરાજ; રૂડી ઉદ્ધવમતની કહું રીતડી રે૦"[11]

પરમાત્મા શ્રી સ્વામિનારાયણભગવત્પ્રવર્તિત ઉદ્ધવસંપ્રદાયમાં મંત્રોપદેશ આપવામાં આવે છે તે પણ તેના અધિકારીની પરીક્ષા કર્યા પછી જ આપવામાં આવે છે. અધિકારી ન હોય, પાત્રતાની ખામી હોય તેમજ શાસ્ત્રશ્રવણથી ગુરુકૃપા પ્રાપ્ત ન કરી હોય તેવાથી વેદનારાયણ પણ ભય પામે છે કે આ મને મારી વાણીનો અવળો અર્થ કરી મને દગો તો નહિ દે ! ! ! તે કહ્યું છે :- 'बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रतरिष्यति ॥'

'અલ્પશ્રુતથી તો વેદ પણ ભય પામે છે કે આ મને છેતરશે તો નહિ!!!'[12] સ્વયં સ્વામિનારાયણ ભગવાન કહે છે :-

"અને જેણે અમને મન ન અર્પ્યું હોય તેને તો ઉપદેશ કરતાં પણ બીક લાગે જે શું જાણીએ સવળું સમજશે કે અવળું સમજશે ?"[13]

(ક્રમશઃ)

(૧૦) શ્રુતિ : વસિષ્ઠ : અ ૨-૧૪
(૧૧) બ્રહ્માનંદ કાવ્ય
(૧૨) મહાભારત આદિપર્વ ૧-૨૭૩
(૧૩) વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩

**ધર્મ-મર્યાદા ચિંતન**


સાધુ નિષ્કામસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
(સરધાર)


ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલ

# રજસ્વલા ધર્મપાલન મર્યાદા

શ્રીજી મહારાજે ધર્મશાસ્ત્રોનું દોહન કરી તેના સારરૂપે શિક્ષાપત્રી આપી. જેમાં વર્તમાનકાળે પાળી શકાય તેવા સુગમ નિયમો આપ્યા છે. સધવા-વિધવા સ્ત્રીના ધર્મ તેમણે આપ્યા તેમાં સ્ત્રીઓની અત્યંત સુરક્ષા થઈ શકે તેવું હિત ભર્યું છે.

રજસ્વલા ધર્મપાલન માટે પણ ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીના ૧૭૩-૧૭૪ શ્લોકોમાં કહ્યું છે : ''અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્ર પહેર્યા વિના નાહવું નહીં અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહીં અને ચોથે દિવસે નાહીને અડવું.'' આવી રીતે સ્ત્રીઓ રજસ્વલા ધર્મનું ચાર દિવસ સુધી યથાર્થપણે પાલન કરીને પાંચમે દિવસે ઠાકોરજીનો થાળ કરી શકે છે.

ધર્મશાસ્ત્રો કહે છે કે સ્ત્રીમાત્રે રજસ્વલા ધર્મ યથાર્થ પાળવો જોઈએ. પાશ્ચાત્ય વિચારસરણી ધરાવનાર આધુનિકો પણ હવે આ માટે સજાગ થયા છે.

'સનાતન ધર્મ' પુસ્તકના લેખક સ્વામી ભારતીકૃષ્ણતીર્થ એક પ્રસંગ નોંધે છે કે : શિકાગો યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડૉ. એબ્રહેમપોતાના ઊંચા બિલ્ડીંગની પ્રયોગશાળામાં બેઠા હતા. નીચે બગીચામાં જાતજાતનાં ફૂલો ખીલ્યાં હતાં. તેમાંથી એક સારા ફૂલ તરફ નિર્દેશ કરીને નોકરાણીને તે ફૂલ ચૂંટી, આપી જવા કહ્યું. બાઈ ફૂલ આપવા ગઈ. ડૉ. એબ્રહેમે કહ્યું : ''મેં આ કરમાયેલું ફૂલ નહોતું મંગાવ્યું. પેલું લઈ આવ...'' બાઈ ફરી કહેલું ફૂલ લઈને આવી ત્યાં તો તે પણ કરમાઈ ગયેલું!

ડૉ. એબ્રહેમે કહ્યું : ''તું જાદુગર તો નથી ને!''

તે બાઈ કહે : ''ના, જ્યારે હું રજસ્વલા થાઉં છું ત્યારે મને ફૂલોનો આવો જ અનુભવ થાય છે.''

ડૉ. એબ્રહેમે આ બાબતમાં ઊંડું સંશોધન કર્યું તો જાણવા મળ્યું કે મીનોટોક્સીસ નામનું વિષ રજસ્વલા સ્ત્રીના શરીરમાં ઉત્પન્ન થાય છે, જે સજીવ સૃષ્ટિ પર વિકૃત અસર કરે છે. સંપર્કમાં આવનાર પ્રાણીઓ પર, તેમાંય ખાસ મનુષ્યોના શરીર પર તેની વધુ અસર થાય છે. તેનું પાચનતંત્ર બગડે છે, હૃદય નબળું પડે છે ને શરીરના બીજા અગત્યના અવયવો પર માઠી અસર થાય છે.

તેમણે એવું પણ પુરવાર કરી બતાવ્યું છે કે બાળક ધાવણું હોય ને સ્ત્રી જો રજસ્વલા બને તો બાળકને તેણીએ સ્તનપાન કરાવવું ન જોઈએ. એ દિવસો દરમ્યાન બાળક સ્તનપાન કરે તો તેના પર બૂરી અસર થાય છે.

વૈજ્ઞાનિકો પણ આ વાત સ્વીકારે છે કે રજસ્વલા ધર્મ એ નિરામય સમાજ માટે ખૂબ જરૂરી છે.

રજસ્વલા સ્ત્રી ભૂલથી પણ રસોઈ કરે તો ભોજન કરનાર વ્યક્તિના સ્વાસ્થ્ય પર અસર પડે છે. રજોવતી પરિણીતા તરફ ગૃહસ્થનું મન આકર્ષાય તો તેને વ્યભિચાર કરતાં પણ ભયંકર પાપ લાગે છે.

સ.ગુ. શતાનંદ સ્વામી શિક્ષાપત્રી 'અર્થદીપિકા'માં કહે છે કે:

'तत्संसर्गेणापि अन्येषामपि ब्रह्महत्यांशसम्बन्धापत्तेः ।'

અર્થાત્ રજસ્વલા સ્ત્રીના સંસર્ગમાં બ્રહ્મહત્યાનો આંશિક સંબંધ સમાયેલો છે. એટલે જ રજસ્વલા સ્ત્રી માટે ત્રણ દિવસ સુધી તાપસ વેષ ધારણ કરવાનું વિધાન છે. એટલું જ નહિ, સંવર્ત સ્મૃતિમાં તો ત્યાં સુધી કહ્યું : ''રજસ્વલા સ્ત્રી કૂતરાને અડે કે અન્ય રજસ્વલા સ્ત્રીને અન્ય રજસ્વલા સ્ત્રી અડે તો બાકીના દિવસોમાં ઉપવાસ કરે.''

રજસ્વલાએ કેટલા દિવસ અસ્પૃશ્ય રહેવું તેનાં વિધાનો દેશ-વિદેશ અને ધર્મની વિવિધતામાં ભિન્ન ભિન્ન જોવા મળે છે. કેટલીક જાતિઓ આ અસ્પૃશ્યતા એક દિવસ સુધી પાળે છે. બ્રિટિશ ગિયાનાના વાલીઓમાં એવો રિવાજ છે કે પુત્રી પ્રથમ વાર રજસ્વલા થાય ત્યારે તેને દંડાથી મારવામાં આવે છે. બીજી જાતિઓમાં વળી કીડીઓ કરડાવવામાં આવે છે અને આખો દિવસ ઉપવાસ કરાવવામાં આવે છે. બ્રાઝીલમાં એક માસ સુધી તેણીએ એકાંતમાં રહેવું પડે છે અને તેને રોટલી અને પાણી જ આપવામાં આવે છે. આ પછી છોકરી બેભાન થાય ત્યાં સુધી માર મારવામાં આવે છે !! માબાપ જો તેને જોરથી ન મારે, તો તે તેમનો ગુનો ગણાય છે ! કંબોડિયામાં સોળ દિવસ સુધી તેણીને ઓરડીમાં પૂરવામાં આવે છે. (હવે તેમાં ચાર દિવસ કરવામાં આવ્યા છે.)

ઉપરોક્ત બધી પ્રથાઓ પાછળ તત્કાલીન પ્રારંભાયેલું જંગલીપણું જવાબદાર છે. ફ્રેઝરનું માનવું છે કે બાળકીમાં અચાનક રક્તસ્રાવ થતો જોઈ આ જંગલીઓનું ગભરાઈ જવું એ સ્વાભાવિક છે.

આ જોતાં ભારતીય પ્રણાલી કેટલી ભદ્ર છે તેનો ખ્યાલ આવે છે. આપણે ત્યાં ધર્મશાસ્ત્રોએ કરેલાં વિધાનોમાં અતિરેક કે આછકલાપણું નથી. સહેજે પળે તેવા નિયમ છે. આપણી માન્યતા છે કે અસ્પૃશ્ય સ્ત્રીના સ્પર્શથી આચાર-વિચારમાં પલટો આવે જ છે અને ખાદ્ય પદાર્થો પર પણ તેની અસર થાય છે. ઈ.સ. ૧લી સદીમાં રોમન લેખક પ્લીની લખે છે કે 'રજસ્વલા સ્ત્રીના સ્પર્શથી દૂધ, અનાજ, અથાણાં વગેરે બગડી જાય છે.' આ જ વાત આપણા ધર્મશાસ્ત્રોએ સદીઓ પહેલાં કરી છે.

વિષ્ણુધર્મોત્તરમાં કહ્યું છે કે 'રજસ્વલા સ્ત્રીએ દૂધ, દહીં,

છાશ, માખણ કે ઘીને આહારમાં ન લેવાં. પુષ્પો, વેણી, ફૂલહાર કે વિવિધ અલંકાર-આભૂષણ ધારણ ન કરવાં. કાજળ, કુમકુમ, અત્તર વગેરેથી છેટે રહેવું. પાટલે ન બેસવું તેમજ પલંગનો ત્યાગ કરી શણની ભોંયપથારીએ (સૂતળીના કોથળા વગેરે ઉપર) સૂવું.'

સ.ગુ શતાનંદ સ્વામી કહે છે કે સ્ત્રીને સત્તર દિવસમાં ફરીથી રજોદર્શન થાય, તો ફક્ત સ્નાનમાત્રથી તે શુદ્ધ બને છે. અઢાર દિવસમાં થાય તો એક દિવસ (૨૪ કલાક) આ શૌચ પાળવું. ઓગણીસ દિવસમાં થાય તો બે દિવસ પાળવું અને વીસથી માંડીને ત્રીસ દિવસ સુધીમાં થાય તો ત્રણ દિવસ પાળવું.

આયુર્વેદ ગ્રંથમાં પણ આ બાબત ઉપર વિચાર કરવામાં આવ્યો છે. સુશ્રુત જણાવે છે કે 'રજસ્વલા સ્ત્રીમાં રજની પ્રવૃત્તિનો પ્રારંભ થતાં આ દિવસોમાં બ્રહ્મચર્યનું પાલન અવશ્ય કરવું. આ અવસ્થામાં દિવસે ન સૂવું, આંખ ન આંજવી, સ્નાન, અનુલેપન કે તેલમર્દન ન કરવું, નખ પણ ન કાપવા, વાયુ-સેવન અને પરિશ્રમપણ તેને વર્જ્ય છે, કારણ કે આમ કરવાથી ગર્ભનું અનિષ્ટ થાય છે.દિવસે સૂવાથી બાળક નિદ્રાશીલ અને આળસુ બને છે. પોતે અંજન કરે તો પુત્ર ઓછું દેખતો, અશ્રુપાત કરવાથી વિકૃત દૃષ્ટિવાળો, સ્નાન-અનુલેપથી દુ:ખશીલ, તેલાદિના મર્દનથી કુષ્ટવાળો, નખછેદનથી કુનખી, દોડવાથી ચંચળવૃત્તિવાળો, બોલવાથી બડબડાટ કરનારો, વધુ સૂવાથી બહેરો ને ઘણું હસવાથી કાળા હોઠવાળો બને છે. આથી રજસ્વલાએ આ સર્વનો ત્યાગ કરવો. આ નિયમોનું પાલન કરવું એ સ્ત્રીઓનું કર્તવ્ય છે.' (સુશ્રુત આયુર્વેદ - શરીરસ્થાન : ૨/૧૨)

સ્ત્રીઓ માટે રજસ્વલા ધર્મ ફક્ત હિન્દુ સંસ્કૃતિમાં જ છે એવું નથી. અન્ય ધર્મોમાં પણ એ જોવા મળે છે. પ્રાચીન મિસરમાં રજસ્વલાને એકાંતમાં, મેડા જેવા નિશ્ચિત સ્થાનમાં રહેવું પડતું. મિસરની પ્રાચીન ભાષામાં એને મળતો જે શબ્દ છે તેનો અર્થ 'શુદ્ધ થવું' એવો થાય છે.

પારસી ધર્મની માન્યતા મુજબ રજસ્વલા સ્ત્રીઓ અપવિત્ર પ્રેતાત્માઓની અસર નીચે રહે છે, આથી તેમને જુદી રાખવાનું વિધાન છે. તેને ભોજન પણ છેટેથી આપવું જોઈએ, કારણ કે તેના સ્પર્શથી અપવિત્રતા પ્રાપ્ત થાય છે. તેમના ધર્મગ્રંથ વેન્દીદાદમાં આ નિયમો વિસ્તારપૂર્વક આપેલ છે.

યહુદીઓના હજરત મુસાએ પણ આવા નિયમો દર્શાવ્યા હતા. એમનામાં તો સાત દિવસ સુધી અસ્પૃશ્યતા પાળવાનો રિવાજ છે જ અને આઠમે દિવસે નખ કાપી, નાહવાનો રિવાજ છે. ઈસ્લામનો પ્રચાર થતાં પહેલાં કેટલીક આરબ જાતિઓમાં આ નિયમહતો. હજરત મહંમદે આ નિયમોની કડકાઈમાં સુધારો કરી કેટલીક છૂટ આપી, છતાં ઈસ્લામમાં રજસ્વલાને શુદ્ધ માની નથી.

કેટલાક એવું માને છે કે 'ઋતુકાળમાં સ્ત્રીનો સ્પર્શ ન કરવાથી તેનું અપમાન થાય છે.' પરંતુ એ અપમાન નથી. મનુસ્મૃતિ તો ત્યાં સુધી કહે છે : 'नोदक्ययाऽभिभाषेत ।' (૪/૫૭) રજોવતી સ્ત્રી સાથે વાતચીત પણ ન કરવી.

વળી, તેનાથી દૂર રહેવાનું ભારપૂર્વક કહ્યું છે :

'रजसाभिप्लुतां नारीं नरस्य ह्युपगच्छतः । प्रज्ञा तेजो बलं चक्षुरायुश्चैव प्रहीयते ॥' (મનુસ્મૃતિ : ૪/૪૧)

રજસ્વલા સ્ત્રી પાસે જનાર પુરુષની બુદ્ધિ, તેજ, બળ, આંખો અને આયુષ્ય ક્ષીણ થઈ જાય છે. અર્થાત્ તેનું સ્વાસ્થ્ય ધીરે ધીરે જોખમાય છે. આ વિધાન ધર્મગ્રંથોનું વર્ષો પૂર્વે કરેલું હોવા છતાં આજે વૈજ્ઞાનિક સંશોધન દ્વારા દઢીકરણ થયું ત્યારે સ્ત્રીનું રજસ્વલાપણું સૌ કોઈ સ્વીકારતા થયા છે. જ્યારે પોતાને આધુનિક ગણાવતો સમાજ આ શાસ્ત્ર-આજ્ઞા ને વિજ્ઞાનકથનને અવગણે છે અને ભાવિના ભયંકર અનિષ્ટનો ભોગ બને છે.

આમ, રજસ્વલા સ્ત્રીએ પોતાના અને બીજાના સ્વાસ્થ્ય માટે પણ અસ્પૃશ્ય રહેવું જ પડે. એટલું જ નહિ, હિન્દુશાસ્ત્રોમાં કહ્યા મુજબ તો ત્રણ દિવસ સુધી તેણીએ, કોઈની દૃષ્ટિ ન પડે એવા સ્થાનમાં બેસવું જોઈએ. સાથે સાથે જોરવાળું કામ, દોડ-ભાગ, જોરથી હસવું, ઝઘડવું, હરવું-ફરવું, ગાવું, વગાડવું કે દુ:ખ ઊપજે એવું જોવું, વાંચવું કે સાંભળવું વગેરે ક્રિયા તેના માટે નિષિદ્ધ છે. લોકમાં એવું પણ સાંભળવા મળે છે કે ઘરમાં પાપડ વણાતા હોય ને રજસ્વલા સ્ત્રી તેને જોઈ જાય તો પાપડ લાલ બની જાય છે.

અમેરિકન જર્નલ ઑફ ક્લિનીકલ મૅડિસીનના પ્રોફેસર શીક સંશોધન કરીને પુરવાર કરે છે કે 'રજસ્વલા નારીના શરીરમાં એવું કોઈ પ્રબળ વિષ હોય છે કે જો તેણી હરિયાળી ધરતી પર ચાલી જાય, તો આજુબાજુના ફૂલપાંદડા વગેરે સૂકાઈ જાય છે. ફળ સડી જાય છે ને કોઈ મૂળમાંથી મરી જાય છે !'

સર જેમ્સ ફ્રેજરનું કહેવું છે કે 'જો રજસ્વલા સ્ત્રી દારૂના પીઠામાં જાય, તો દારૂનો સ્વાદ બગડી જાય છે. ફળફૂલ કરમાઈ જાય છે.' એમણે પોતાના 'ગોલ્ડન બાઉ' નામના પુસ્તકમાં આફ્રિકા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોની તથા બીજી આદિવાસી જાતિઓમાં રજસ્વલા સ્ત્રીઓ માટે શા નિયમો છે તેનું વિસ્તારથી વર્ણન આપેલું છે.

હાલ સુધારાને બહાને આપણે ત્યાં પાશ્ચાત્ય સરણી અપનાવાઈ રહી છે, જેમાં રજસ્વલા ધર્મ તરફ બેદરકારી વધી છે. સ્કૂલ, કોલેજ કે નોકરીએ જતી સ્ત્રીઓ આ બાબતે છૂટ લેતી હોય છે. તેને લીધે તેની આજુબાજુ ઝેરી વાતાવરણ ફેલાય છે અને તેમ કરી પોતાનું આરોગ્ય અને સમાજનું આરોગ્ય જોખમાય છે.

આજનું વ્યક્તિમાનસ પરણ્યા પછી તરત પરિવારથી જુદું થવા ઈચ્છે છે અને જુદાં રહેવામાં પોતાની પ્રગતિ, સ્વતંત્રતા વગેરેની સફળતા ગણે છે. પરંતુ આપણાં ધર્મશાસ્ત્રો સંયુક્ત કુટુંબનાં હિમાયતી રહ્યાં છે, તેની પાછળ આવી રજસ્વલા ધર્મપાલન, બાળસંસ્કાર જેવી મહત્ત્વની બાબતો કેવી સુપેરે વણાયેલી છે તે આ ઉપરોક્ત બાબતથી ખ્યાલ આવે છે.

**સંસ્કૃતિ ચિંતન**

સાધુ યોગેશ્વરદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

જગતના પંચવિષયરૂપી મોહ જંજાળમાં

# શું 'માણસ' ખોવાયો છે ?

**ભાવે ન ભજે રામ, માનવતન મળતા છતાં;**
**તે જ મુરખનો જામ, જન્મે મરવા કારણે.**

ચાર ગતિનો બનેલો સંસાર, ૧. ઉદ્‌ભિજ. ૨. જરાયુજ. ૩. સ્વેદજ. ૪. અંડજ.

અનંતકાળથી જીવ ચોરાશી લાખ યોનીઓમાં ભમ્યા કરે છે. જન્મલે છે, જીવન જીવે છે અને મરી જાય છે.

આ ઘટમાળને તોડવી હોય, અક્ષરધામમાં પહોંચીને હંમેશને માટે ત્યાં સ્થિર થવું હોય તો જીવને માયાના બંધનથી મુક્ત કરવો પડે. આ કામમાત્ર માનવ દેહને જ થઈ શકે.

આથી જ આ મનુષ્યદેહના ગુણો પૂર્વે મુક્તકંઠે મુક્તજનોએ ગાયા છે, બિરદાવ્યા છે, વખાણ્યા છે.

મીરાબાઈએ કહ્યું : 'નહિ ઐસો જનમ બાર બાર.' શાસ્ત્રકારોએ કહ્યું : 'दुर्लभो मानुषो देहा' 'મનુષ્ય દેહ અતિ દુર્લભ છે.' માનવ શરીરનું મૂલ્ય એટલું બધું ઊંચું છે કે તે ચિંતામણી-રત્નથી પણ અધિક અંકાયું છે. સંતો અને સજ્જનોએ આ માનવ દેહ કોઈપણ રીતે બરબાદ થઈ ન જાય તેની કાળજી રાખવા ખૂબ ખૂબ પ્રેરણાઓ કરી છે. અને ભયસ્થાનો બતાવીને ચેતવણીના સૂર પણ કાઢ્યા છે :

'रे चित्त ! चिन्तय चिरं चरणौ मुरारेः
पारं गमिष्यति भवसागरस्य ।
पुत्राः कलत्रमितरे न हि ते सहायाः
सर्वं विलोकय सखे मृगतृष्णिकाभम् ॥'

હે મન ! તું માત્ર ભગવાનના ચરણોનું દાસત્વ સ્વીકાર, આથી તું આ મહાભયાનક ભવસાગરને સહેલાઈથી તરી જઈશ. અરે ! ભવસાગર એવું નાનકડું ખોબાચિયું બની જશે કે જેને એક જ કૂદકે તું પાર પામીશ. ઓ જીવ ! તું જે પુત્ર-પત્ની વગેરેમાં મોહ પામ્યો છે, તે કોઈ તારા અંતકાળે સહાય બની શકનાર નથી. આ જગતનું સુખ ઝાંઝવાના જળ જેવું છે. તેની પાછળ દોડી દોડીને તું થાકી જઈશ.

'वरं कर्दममेकत्वं मलकीटकता वरं ।
वरं अन्धगुहाहित्वं मा नरस्याविवेकिता ॥'

જાણે કે આવેશમાં આવીને એવા કોઈ ભોગલંપટ જીવને એક કવિએ કહ્યું છે : ''ઓ, જીવ ! તું કાદવનો દેડકો બન્યો હોત તો સારું થાત, તું વિષ્ટાનો કૃમિબન્યો હોત તો ય સારું થાત, તું અંધીયારી ગુફામાં કાળો ઝેરી ભોરિંગ (સર્પ) થયો હોત તો ય સારું થાત, તું મનુષ્યદેહ ક્યાંથી પામી ગયો ? આ મહાદુર્લભ દેહ પામેલા જીવ પાસે જો સાચા-ખોટાની વિવેકબુદ્ધિ ન આવે તો તે જીવ ઉપર કાળો કેર વર્તી જાય તેવા નીચ કાર્યો કરે.''

નરસિંહ મહેતા કહે છે : 'માનવ જન્મપામીને જેણે તત્ત્વદર્શન કર્યું નહિ તેણે રત્નચિંતામણીસમા માનવજન્મને ખોઈ નાખ્યો, ભાઈ ! તેણે માનવજન્મ સાવ ખોઈ જ નાખ્યો.'

**'કહે નરસૈયો કે તત્ત્વદર્શન વિના,**
**રત્નચિંતામણી જન્મ ખોયો.'**

ઓલ્યો રબારી ! એના હાથમાં રત્ન આવી ગયું પણ મૂર્ખને ખબર ન હતી કે એ રત્ન છે. તેણે તો કાચનો સુંદર ટુકડો જ માન્યો, એની સાથે એ રમત કરવા લાગ્યો. એટલામાં ટોળામાંથી એક ગાડર વિખુટું પડ્યું. રબારીને ગુસ્સો ચડ્યો. પેલા ગાડરને પાછું ટોળામાં લાવી દેવા માટે એણે કાચના ટુકડાનો (રત્નનો) ઘા કર્યો. હા, ગાડર ટોળામાં આવી ગયું, રબારી ખુશખુશાલ થયો અને મનોમન બોલ્યો : 'હાશ ! કાચના કટકાનો સરસ ઉપયોગ થઈ ગયો...!!!

ઘણા જીવો આ રીતે માનવજન્મહારી જતા હોય છે. કેટલાક જીવોને બહુ પાછળથી પશ્ચાતાપ થાય છે પણ પછી તેનો કોઈ અર્થ સરતો નથી. તબેલાના ઘોડાઓ નાસી ગયા પછી તેને તાળું મારવા જેવી એ ઘટના બને છે.

**'ફિર પછતાયે ક્યા હોગા, જબ ચીડીયા ચૂગ ગઈ ખેત.'**

એક વાત સહુ મનુષ્યોએ સમજી રાખવી જોઈએ કે જે જન્મ્યો છે તેને નિશ્ચિત મરવાનું જ છે. અરે ! હજી તો જન્મ થયો ન થયો ત્યાં જીવન ઝપાટાબંધ પુરું થવા લાગે અને મોત એકદમ ધસી આવે, તેની પૂર્વે ગઢપણ ધસી આવે, એની પણ પૂર્વે ભરજુવાનીમાં રોગો ઘસી આવે. ક્યારેક રોગ ન થાય અને ગઢપણ પણ ન આવે. ને એ બેયને ઉલ્લંઘીને (ઓવરટેક કરીને) સીધું મોત ત્રાટકે.

**'નીલકમલ દલ બિન્દુ જીવન, શ્યામ ગગન ઘન ચપલા જીવન;**
**ઉષઃ કાલની લાલી જીવન, સાગરમાં છે બિન્દુ જીવન.'**

મનુષ્ય જન્મલે છે તેની સાથે જ તે સ્મશાન તરફ (મૃત્યુ તરફ) ચાલવા લાગે છે. તે દરેક સેકન્ડ, મિનિટ, કલાક, દિવસ, માસ અને વર્ષ ગુમાવતો જાય છે. સમજ નથી પડતી કે વર્ષ પછી વર્ષ ગુમાવતો માણસ શી રીતે તેનો જન્મદિવસ 'Happy birthday' તરીકે મનાવે છે ? પાર્ટી રાખે છે ! દરેક વર્ષ પ્રત્યે માણસ વધુને વધુ ઘરડો જ થાય છે. ચિંતકોએ તો એકજ વર્ષના થયેલા બાબાને પણ ઘરડો કહ્યો છે.

Baba is one Year Old
માથે લટકતી તલવાર જેવું મોત !
માથાના વાળ ખેંચીને ઊભો રહેલો જમરાજ !
જમડાની એકજ ફૂંકે આખોય ભર્યો ભાદર્યો સંસાર સાફ !

ઉજ્જડ ! ખતમ...

આવી સ્થિતીમાં પળપળનો શ્રેષ્ઠ ઉપયોગ કરી લઈને આજ જન્મે જ મુક્તિ નિશ્ચિત કરી લેવી જોઈએ.

અતિ ક્ષણિક જીવનમાં મોતની કલ્પના એકદમ નજીકમાં જ કરતા રહેવી જોઈએ. વિનોબાજીએ સાચું કહ્યું છે :- ''હું આજ મરું કે બહુ બહુ તો કાલ મરું, એમાંની જાત છું. પરમ દિવસ મરવાની શક્યતા વિચારવાની હિંમત તો કોઈ મુર્ખ માણસ જ કરી શકે એમછે.

જો માણસને આ વાતની ખબર પડી જાય કે તેણે આ માનવજીવન શા માટે જીવવાનું છે ? તો તેને કેવી રીતે જીવવાનું છે તે તેને સહેલાઈથી આવડી જાય.

'कान्ता इमे मे तनया इमे मे, गृहा इमे मे पशवस्त्विमे मे ।

एषो नरो मेषसमान रू पः मे मे कृतः कालवृकेण नीतः ॥

આખું જીવન બકરીની જેમ 'મે મે' એટલે કે મારું મારું જ કરવું એ તો માનવ મટીને બકરી બનવાની બેવકૂફી છે. સંસારી લોકોમાંથી ભાગ્યે જ કોઈ આવી બેવકૂફીમાં ફસાતા નથી. સામાન્યતઃ તેઓ જે તે ચીજોને મારું મારું કરતા રહીને માનવ જીંદગીને માણસનો અનુભવાત્મક અમીરસ ચૂકી જતા હોયછે.

જેને સારું ઘર બાંધતા આવડે તેને સારું જીવન પણ જીવતા આવડવું જોઈએ. ઘણા માણસો ભોગસુખોમાં આસક્ત બનીને જીવનની લય (સમતોલ ગતિ)ને ગુમાવી બેસે છે, પછી દિશા પણ તેમને સૂઝતી નથી.

જ્યારે માણસ લય ગુમાવે ત્યારે પ્રલય (દુઃખના સમંદરો) ફરી વળે. જ્યારે માણસ દિશા ગુમાવે ત્યારે તેના જીવનની નિશા (રાત્રિ) શરૂ થાયછે.

માત્ર જીવવું એટલે લુહારની ધમણની જેમ શ્વાસોશ્વાસ લીધા કરવા એટલું જ છે ? એવા જીવનની શી કિંમત ? માણસ કાંઈ લુહારની ધમણ જ છે ! અરે ! એમ તો વૃક્ષોય જીવે છે. પશુઓ અને પંખીઓ પણ જીવે છે. એવા જીવવાનો અર્થ શો ? માણસે ભગવાનને પામી જવાય એવું નિષ્કલંક જીવન જીવવું જોઈએ.

આપણા નંદસંતોએ જીવનની સંધ્યાએ પ્રભુને કહ્યું છે : ''લ્યો, આ તમારી ચાદર જેવી ચોખ્ખી જીંદગાની તમે અમોને જેવા શુભ જન્મ સમયે આપી હતી તેવી જ ચોખ્ખી જીવનરૂપી ચાદર તમોને સુપરત કરીએછીએ.''

**'જ્યોં કા ત્યોં ધર દીની ચદરીયા'**

શું થયું છે આજે માણસ દેહધારી જીવને ! ક્યાંય - લગભગ - શોધ્યો જડતો નથી 'માણસ' : બધે માણસના મહોરાની નીચે પશુના બિભત્સ ચહેરા દેખાયછે.

બધે ભૂસું ભરેલા ખેતરે ઊભેલા 'ચાડીયા' દેખાયછે.



સર્વત્ર રોબર્ટ - માણસ દેખાય છે. જેની આંખમાંથી પાણી નીકળે છે. પરંતુ આંસુ તો ક્યારે પણ નીકળતા જ નથી.

મને લાગે છે કે 'માણસ' મરી ગયો છે પૂરાં બે હજાર વર્ષ પૂર્વે. સોક્રેટીસને ઝેર અપાયું તે દિવસે ભરબપોરે ફાનસ લઈને તેનો શિષ્ય 'માણસ' શોધવા નીકળ્યો હતો, તેને ખાતરી હતી કે એથેન્સ શહેરમાં કોઈ માણસ નહિ હોય. 'જો એકાદ પણ માણસ (મર્દ) હોત તો મારા ગુરુને વિષનો પ્યાલો પીવો પડ્યો ન હોત.' રસ્તે પસાર થતા પ્રત્યેક રાહદારીના મોં પાસે ફાનસ લગાવ્યું સવાલ કર્યો : ''તમે કોણછો ? જુદાં જુદાં જવાબો આ રીતે મળ્યા :

ડૉક્ટર, વકીલ, શિક્ષક, પ્રધાન વગેરે વગેરે પરંતુ કોઈએ ન કહ્યું : 'હું માણસ છું'

**'કુછ લોગ યહાં પર ઐસે હૈ, હર રંગમે રંગ બદલતે હૈ ।**
**હમઉનકો ઓર સમજતે હૈ, પર વો કુછ ઔર નિકલતે હૈ. ॥'**

એવું લાગે છે કે પૂરા બે હજાર વર્ષ પૂર્વે જ 'માણસ'ને કબરમાં સુવાડી દેવાયો હશે.

માનવ દેહધારીઓ ઈન્દ્રિયોના ભોગસુખોની પાછળ પાગલ બની જાય છે. અરે ! નિમિત્ત મળતાની સાથે અચ્છા અચ્છા રૂસ્તમો ય ગબડી પડે છે.

અત્યંત સારભૂત આ માનવજીવન ! એની છેલ્લામાં છેલ્લી ક્ષણ પણ શ્રેષ્ઠ રીતે પસાર કરવી જોઈએ.

ભલે આપણા જન્મવખતે આપણે રડ્યા હતા, આપણા જન્મના આનંદમાં સહુ સ્વજનો હસ્યા હતા. પણ જીવન એટલું બધું સુંદર પસાર કરીએ કે હવે મરતી વખતે આપણે હસીએ અને સમાજ સારામાં સારો 'માણસ' અમે ગુમાવ્યો એ બદલ પોક મૂકીને રડે...!

**'જબ તુમ આયે જગતમેં, જગ હસત તુમ રોય; અબ**
**કરણી ઐસી કર ચલો, તુમ હસત જગ રોય.'**

વાસ્તવમાં જીવતર એનું નામ છે, જે જીવાઈ રહ્યા પછી મરનાર પૂરા સંતોષ સાથે મર્યો હોય અને પોતાની પાછળ જીવનારા માટે કંઈક પ્રેરક અને કાંઈક અમરસ્મૃતિસમું અર્પણ કરીને ગયો હોય !!

ખેતડીના મહારાજાએ સ્વામી વિવેકાનંદને પૂછ્યું હતું કે જીવન એટલે શું ? ત્યારે સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું કે 'જે તમને દાબી દેવા, મીટાવી દેવા માટે છે તેવા પ્રતિકુળ સંજોગો વચ્ચે પણ તમે વિકાસ કરી શકો, પ્રગતિ પામી શકો એજ જીવનછે.

અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ...

સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી
(સરધાર)

### સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ૨૩ ગ્રંથ પૈકીનો એક અજોડ ગ્રંથ

# પુરુષોત્તમ પ્રકાશ વિવેચન



## પ્રકાર - બીજો

બીજા પ્રકારમાં મૂર્તિનું બહુપણું બતાવ્યું છે. જે મૂર્તિને આશરીને જ ધામ-મુક્તો ને આલોકમાં સુખ માત્ર રહ્યા છે. વળી દયાએ કરી નવરસને પોતાની મૂર્તિમાં વાસ કરવા દીધો છે. નવરસ ક્યા તો **શૃંગાર-હાસ્ય-કરૂણ-રૌદ્ર-વીર-ભયાનક-બીભત્સ-અદ્‌ભુત-શાંત**, તેને પોતાના શરીરમાં વાસ આપ્યો છે. સ્વામી કહે છે : કોઈ દિવસ એવો સંકલ્પ ન કરશો કે આ વસ્ત્રથી કે આ અલંકાર (ઘરેણા)થી કે આ પુષ્પમાળાથી આ પાઘથી કે આ સિંહાસનથી પ્રભુને શોભા છે. પ્રભુથી જ વસ્ત્ર-અલંકાર-પુષ્પ-પાઘ-કે સિંહાસન શોભે છે. કારણ, સ્વામી લખે છે : પોતે તો-

**સદા પૂરણ કામ મોરાર રે, કરે ભક્ત ભાવે અંગીકાર રે ।**
**ઉપમા અલંકાર દેવાની રીતરે, ભક્તભાવ જણાવે પ્રીતરે ॥**

મહારાજ પ્ર.પ્ર.૨૯માં વચનામૃતમાં કહે છે : 'કોઈ વિષય આડો આવે તો તેનું માથુ ઉડાડી દઈએ' પણ ભક્તના ભાવને આધિન થઈને બધુજ અંગીકાર કરીએ છીએ. પ્રભુની મૂર્તિ તો કરોડો કામ તણી છબીને લજવે તેવી મહા અલૌકિક છે. જે મૂર્તિનો મહાપ્રતાપ છે; જે જુવે તેના ઈંદ્રિયો ને અંતઃકરણની વૃત્તિઓ ખેંચાય જાય. પછી તેને બધેજ ભગવાન-ભગવાન જ દેખાય છે. આ લોક ફિક્કો થઈ જાય છે. સ્વામી લખે છે કે એ મૂર્તિનું તેજ જોઈ સૂર્ય-ચંદ્ર આકાશમાં જતા રહ્યા, એ મૂર્તિ મહાતેજસ્વી છે; તેની સેવા રાધા-લક્ષ્મી પોતાની ચંચળતાને છોડીને કરે છે. શુક-નારદ નિગમ જેના ગુણ નિત્ય ગાય છે. જેના નેત્ર કમળની પાંખડી સમાન છે. અતિસુંદર મુખ છે. 'वाणी मङ्गल रूपिणी च हसितं..' જેનુ બોલવું-જોવું-ચાલવું બધુજ મંગલમય છે.

**ચાલે સુંદર ગજગતી ચાલે રે, લાજે નિરખીને રાજ મરાલ રે ।**
**કર લટકા જોઈને જન રે, પામે આનંદ સ્થિર થાય મનરે ॥**
**એવા દિવ્ય વિગ્રહ દીનાનાથ રે, ભેટે મુક્ત મુનિને ભરિ બાથ રે ।**
**સદા પ્રસન્ન પ્રપન્ન પ્રતિપાળ રે,કરે ચરિત્ર તે દીન દયાળ રે ॥**

મહારાજની મૂર્તિમાં કેટલો અદ્‌ભુત પ્રતાપ ને ખેંચાણ હશે કે જેને જોતાની સાથે સંસાર અસાર થઈ જાય !

V **ભગવાન શ્રીહરિની મોહક ચાલ જોઈને ગજા ગઢવીને ભગવાનપણાનો નિશ્ચય...**

સં.૧૮૬૦માં મેમકાના મૂળજી શેઠ કારિયાણી આવ્યા હતા. તેમને શ્રીહરિને મેમકા તેડી જવા હતા. શ્રીહરિએ તેમને કહ્યું : ''ભેગા ચાલો. અનુકૂળતા હશે તો મેમકા આવી જઈશું.

કુંડળથી નીકળી મહારાજ સીધા મેમકા પધાર્યા. ભેળા મુક્તાનંદ સ્વામી તથા બીજા થોડા સાધુ હતા. મહારાજ મેમકા આવ્યા એટલે મૂળજીભાઈએ મેથાણ અજાભાઈને ખબર મોકલ્યાં કે ''સ્વામિનારાયણ ભગવાન અમારે ત્યાં પધાર્યા છે. તમારે દર્શન કરવાં હોય તો આવી જજો.''

આ સમાચાર મળતાં જ અજાભાઈ મેમકા જવા તૈયાર થયા. તેમની સાથે મહારાજનાં દર્શન કરવા સારુ જુવાન કવિરાજ ગજા ગઢવી પણ તૈયાર થયા. ગજા ગઢવીએ રજવાડી પોષાક પહેર્યો હતો. માથે આંટાવાળી પાઘડી પહેરી હતી. તેઓ મેમકા પહોંચ્યા ત્યારે મહારાજ મેમકાની નદીમાં કૂવો છે ત્યાં નાહવા પધાર્યા હતા.

આ બંનેને મહારાજનાં દર્શનની ઉત્સુકતા હતી તેથી તેઓ નદીએ ગયા. મહારાજ તે અરસામાં મીંઢીંઆવળ અને મરચાંનો ગોળો પણ કોઈ કોઈ વખત જમતા, તેથી વારંવાર દિશાએ જવું પડતું. મહારાજ દિશાએ જઈને આવતા હતા તે દર્શન અજાભાઈ તથા ગઢવીને થયાં. ગઢવીને મહારાજની ચાલ મોહક લાગી. તેમને લાગ્યું કે આવી ચાલ મનુષ્યની ન હોઈ શકે ! મહારાજ ભગવાન છે તેવો નિશ્ચય તેમને મહારાજની મોહક ચાલ જોઈને જ થઈ ગયો.

મહારાજ કૂવે પધાર્યા અને ત્યાં હાથ ધોયા. મૂળજી શેઠે મેથાણના અજાભાઈની ઓળખાણ કરાવી. ગઢવીનો તેમને પરિચય ન હતો. તેથી મહારાજે જ તેમને પૂછ્યું : ''જાતે કેવા છો ?''

''મહારાજ ! જાતે ચારણ છીએ, દેવીપુતર.'' ગઢવીએ હાથ જોડી નમ્રતાથી કહ્યું. તેમને લાગ્યું કે દેવીપુતર આટલું ઓછું બોલતો કેમ થઈ ગયો ! પણ પછી સમજાયું કે પરમાત્મા પાસે તો જીભ સિવાઈ જ જાય. મહારાજે તેમનું નામ પૂછ્યું. તેમણે કહ્યું : ''ગજાભાઈ દાદાભાઈ ગઢવી.'' મહારાજે ગજા ગઢવીને દૃષ્ટિમાં લઈ લીધા.

ગજા ગઢવી તાલુકદાર હતા. તેમના ગરાસનો વહીવટ તેમના મોટાભાઈ કરતા. ધ્રાંગધ્રા રાજ્યના પોતે દશોંદી હતા. ધ્રાંગધ્રા

બાપુ રણમલસિંહજીએ રાજ્યના ખર્ચે તેમને ભુજનગરમાં પિંગળ શીખવા મોકલ્યા હતા. ત્યારબાદ તેઓ ધ્રાંગધ્રા રાજ્યના રાજકવિ તરીકે રહ્યા હતા.

ધ્રાંગધ્રા રાજ્ય ઝાલાવંશના ગરાસિયાઓનું હતું. શ્રી ગજા ગઢવી 'ટાપરીયા' શાખના ચારણ હતા. ઝાલાવંશના દશોંદી 'ટાપરીયા' શાખના ચારણો ગણાય છે. લોકવાયકા એવી છે કે ચારણોની દેવી વિસત માતા હતાં. એક વખત બે દિવ્ય બાળકો રસ્તામાં રમતાં હતાં. તેવામાં બે તોફાની સાંઢ લડતાં લડતાં રસ્તામાં આવતા હતાં. તે બાળકોને ઈજા ન થાય તે માટે માતાએ એક બાળકનો હાથ ઝાલીને તેને બચાવી લીધો. બીજા બાળકને ટપલી મારીને રસ્તાની બાજુએ મૂકી દીધો. જે બાળકનો હાથ ઝાલ્યો તે બાળકના વંશજ ઝાલા શાખના રજપૂતો કહેવાયા. જે બાળકને ટપલી મારી હતી તેના વંશજો ટાપરીયા શાખના ચારણો કહેવાયા.

શ્રીહરિ હાથ ધોઈ સ્નાન કરવા લાગ્યા. ત્યારે તેમની સમીપે બે જણા સૂતેલા પડ્યા હતા. તે જોઈ અજાભાઈએ પૂછ્યું : "આમને શું થયું છે ?"

મૂળજી શેઠે તરત જ કહ્યું : "એમને સમાધિ થઈ છે."

એટલે નરનારાયણાનંદ સ્વામીએ કહ્યું : "અને એમ કહ્યું છે કે બીજાનાં નાડી-પ્રાણ જીવથી ન ખેંચાય. માટે આ ભગવાન છે."

તે સાંભળી ગજા ગઢવી બોલ્યા : " સ્વામી ! બીજાનાં નાડી-પ્રાણ ખેંચે કે ન ખેંચે પણ આ જરૂર ભગવાન છે."

પછી તે બંનેને મહારાજે સ્નાન કરતાં કરતાં વર્તમાન ધરાવ્યાં.

આ ગજા ગઢવીને મહારાજે થોડા સમય પછી દીક્ષા આપી 'પૂર્ણાનંદ' નામ પાડ્યું.



મહારાજ મેમકામાં ત્રણ-ચાર દિવસ રહ્યા. પછી બોચાસણ જવા નીકળ્યા. મૂળજી શેઠ તથા સુથાર હંસરાજભાઈ પટેલ, શ્યામો કણસાગરો અને પટેલ શ્યામો અગોલો મહારાજને વળાવવા સાથે ચાલ્યા.

મહારાજે તેમને પાછા વાળતાં કહ્યું : "તમે અમારી આજ્ઞા પાળશો ?"

એટલે તેમણે હાથ જોડીને કહ્યું : "મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશું."

તે સાંભળી મહારાજ રાજી થયા. પછી તેમને કહ્યું : "તમે આજથી વીશ દિવસની અંદર વઢવાણ પરગણાનું આ મેમકા છોડીને પર-પરગણમાં રહેવા જાજો. કારણ કે વડોદરાથી બાબાજીનું લશ્કર આવશે. વઢવાણ સાથે લડાઈ થાશે અને મેમકું આખું બાળી દેશે." એ પ્રમાણે મહારાજે કહ્યું. તે સાંભળીને ચારે જણ ઘણા ગંભીર બની ગયા. મહારાજે તેમને કહ્યું : "સુખિયા થવું હોય તો આજ્ઞા પાળજો.

મહારાજ ત્યાંથી તરત જ ગુજરાત તરફ પધાર્યા.

મહારાજની આજ્ઞાનુસાર મૂળજી શેઠ મેમકા છોડી લીમલી ગયા. હંસરાજ સુથાર ગામખોલડિયાદ ગયા, શ્યામો કણગાસરો અને શ્યામો અગોલો બંને ચાણપુર રહેવા ચાલી ગયા.

બરાબર વીશમે દિવસે વડોદરાથી બાબાજી દીવાનનું લશ્કર આવ્યું અને મેમકા લૂંટીને બાળી દીધું. પરંતુ મહારાજના આશ્રિત ભક્તોએ મહારાજની આજ્ઞા પાળી એટલે તેમની રક્ષા થઈ ગઈ.

વળી સ્વામી કહે છે : "હે ભક્તજનો ! ભગવાને ભલે નરતન ધર્યું પણ એ છે દિવ્ય વિગ્રહ, (દેહધારી) સંતો-ભક્તોને સુખ થાય માટે માનવ જેવા બન્યા છે." મહારાજ જ્યારે લોજમાં આવ્યા ત્યારે લોજમાં દેવાભગતે વર્ણીને પ્રશ્ન પૂછ્યો કે હે વર્ણીન્દ્ર ! અવતાર-અવતારીમાં કેટલો ભેદ છે ? મહારાજે ઉત્તર ન દીધો ને તેને સમાધિ કરાવીને ધામમાં મોકલ્યા. ત્યારે ધામમાં ઉંચા સુવર્ણના સિંહાસનમાં (સર્જુદાસ) વર્ણી બેઠા છે. કરોડો મુક્તો સ્તવન (સ્તુતિ) કરે છે. એ વખતે ૨૪ અવતારો વર્ણીની મૂર્તિમાંથી પ્રગટ થયા ને લીન થયા તે જોઈને દેવાભગતને ઉત્તર મળી ગયો કે આ અવતાર સર્વોપરી છે. જાગ્રત થઈ બધાને વાત કરી આ વર્ણી તો સર્વે અવતારના અવતારી છે.

વળી લોજની ધર્મશાળામાં એકવાર મૂળજીભગતને અવતારોની મૂર્તિઓ પોતાના સ્વરૂપમાંથી પ્રગટ થઈ ને વળી લીન થતી દેખાડીને નિશ્ચય કરાવ્યો કે પોતે મનુષ્ય જેવા દેખાતા છતા અક્ષરધામના ધામી અસંખ્ય મુક્તના સ્વામી સ્વતંત્ર સર્વોપરી ભગવાન છે. વડતાલમાં હરિમંડપમાં થાળ જમીને કેવળ પીળુ પિતાંબર પે'રીને તૃણની ચટ્ટાઈ પર બેઠા હતા. એ વખતે ઝવેરભક્ત આવી દંડવત્ કરીને બેઠા ને વિનંતી કરી : "હે મહારાજ ! ધામમાં ભગવાનની મૂર્તિ કેવી હશે ? કેમબેઠા હશે ? કેવા વસ્ત્ર અલંકાર ધાર્યા હશે ?" ત્યારે દયાના સાગર દીનબંધુ શ્રીહરિ બોલ્યા : " ઝવેરભક્ત ! અક્ષરધામમાં અત્યારે ભગવાન તૃણની ચટ્ટાઈ ઉપર કેવળ પિળુ પિત્તાંબર પે'રીને બેઠા છે." ઝવેરભક્તને થોડી વાર વાતની ઘેડ્ય ન બેઠી, અંતે વાત સમજાણી કે આ છે એજ તે છે. ને તે છે એજ આ છે. માટે આપણે બડભાગી છીએ કે વગર મહેનતે દયાળુ પ્રભુ મળી ગયા ને વળી ૨૦૦ વર્ષના ટૂંકા ગાળામાં આપણો વારો આવી ગયો માટે રાજી કરી લેવા.

॥ બીજો પ્રકાર સમાપ્ત ॥

(ક્રમશઃ)

ઉપાસના ચિંતન - ૧

સાધુ જ્ઞાનવલ્લભદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

સાંપ્રદાયિક ગ્રંથોના આધારે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનું

# સર્વોપરી-સર્વાવતારી પારમૈશ્વર્યભાવ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણને સંપ્રદાયના તમામ શાસ્ત્રોમાં સર્વોપરી, સર્વાવતારી તથા સર્વકારણના કારણ છે એવી રીતે જ બહુધા વર્ણન કર્યાં છે. શ્રીજી મહારાજ સર્વાધાર, સર્વનિયંતા, સર્વાત્મા, સર્વકર્તા-હર્તા છે; તેવી સમજણમાં સર્વોપરીપણાની સમજણ અંતર્ગત જ છે. કારણ કે જે સર્વોપરી હોય તે જ પોતાનાથી નીચેના સર્વના કર્તા, નિયંતા, આધાર અને આત્મા બની શકે.

આવી રીતે ઉપરોક્ત સમજણમાં પરબ્રહ્મ સર્વોપરી છે તે સમજણ આવી જતી હોવા છતાં, તે સર્વોપરી પરબ્રહ્મ તત્ત્વ ભગવાન શ્રી સ્વામિનારાયણ જ છે, તેવી સ્પષ્ટતા અને દૃઢતાપૂર્વક સમજણ કરવી અત્યંત આવશ્યક જ નહિ પરંતુ અનિવાર્ય પણ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણને ભગવાન માનીને તો તેમના સૌ કોઈ આશ્રિતો તેમનું ભજન તો કરે જ છે, પરંતુ પોતાના સર્વોત્કૃષ્ટ કલ્યાણને અર્થે તેમને સર્વોપરી, રામકૃષ્ણાદિક સર્વ અવતારોથી ભિન્ન અને પર, સર્વ અવતારના અવતારી, સર્વકારણના કારણ માનીને તેમના સ્વરૂપની નિષ્ઠા દૃઢ કર્યા વગર ચાલે તેમજ નથી. તેથી શ્રીજી મહારાજ પોતે જ પોતાના સર્વોપરીપણાની સમજણ જ્યાં જ્યાં કહેલી છે તથા સંપ્રદાયના અન્ય શાસ્ત્રોમાં પણ સર્વોપરીપણાની નિષ્ઠા દૃઢ કરવાની આવશ્યકતા સમજાવીને આગ્રહપૂર્વક કહેલું છે તે આપણે અહિં જોઈએ.



V **વચનામૃત - શાસ્ત્ર**

વચ. અં.૩૮માં કહ્યું છે : ''એવા સર્વોપરી જે પુરુષોત્તમભગવાન તે દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિશે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે, ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે, અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી એ બે એક જ છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વકારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે, અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.''

પ્ર.૭૮ - ''અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા 'જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન' તેનો મહિમા અતિશયપણે કરીને સમજે, તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે.''

મ.૯ - ''ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે' તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું.''

મ.૧૩ - ''એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ તથા અક્ષરધામ કહીએ; અને એ પ્રકાશને વિશે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ... અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે, અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે....અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમજાણજો.''

ભગવાન શ્રીહરિ પોતે જ સર્વોપરી, સર્વાવતારી છે તેવું દર્શાવતાં ઉપરોક્ત તમામવચનો શ્રીજી મહારાજના શ્રીમુખનાં જ વચનો છે. તેથી તેમાં કોઈ પણ પ્રકારના સંશય કે તર્કને સ્થાન નથી.

વચનામૃતમાં કોઈ વખત પ્રસંગોપાત્ત સભામાં બેઠેલા વિભિન્ન પ્રકારના મુમુક્ષુઓની પાત્રતા પ્રમાણે શ્રીજી મહારાજે પોતાના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો કરી હોય, પરંતુ એ ઉપદેશોમાં ખૂબ જ સાવધાની અને પ્રતીતિપૂર્વક સંપાદક કરનાર નંદસંતોએ એ પ્રકારના વચનામૃતોને અંતે, 'મહારાજ પોતે સર્વોપરી, સર્વાવતારના અવતારી છે' 'સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે' વગેરે શબ્દોથી સ્પષ્ટતા કરી છે; જેથી ભગવાન શ્રી સ્વામિનારાયણના કહેવાનાં ભાવાર્થ કે તાત્પર્ય અને પ્રયોજનને સમજ્યા વગર એમનાં એ પ્રસંગોપાત ઉચ્ચારેલાં વચનોને આધારે કોઈ મહારાજને કેવળ સાધક, ભક્ત, ઉપાસક, સાધુ, અનાદિમુક્ત, ગુરુ, ઉપદેષ્ટા કે અન્ય અવતાર જેવા ન માની લે. હવે આપણે વચનામૃત સંપાદક નંદસંતોએ જે તે વચનામૃતને અંતે કરેલી સ્પષ્ટતાવાળાં કેટલાંક વચનામૃતો જોઈશું.

પ્ર.૪૪ - ''એવી રીતે શ્રીજી મહારાજ બોલ્યા તે તો પોતાના ભક્તને શિક્ષાને અર્થે છે એમજાણવું, અને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણછે.''

લો.૧૩ - ''એવી રીતે ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજી મહારાજે વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે.''

લો.૧૪ - ''એવી રીતે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજી મહારાજે વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણછે.''

લો.૧૮ - ''એવી રીતે શ્રીજી મહારાજની વાર્તા સાંભળીને સર્વે સાધુ તથા સર્વે હરિભક્ત તે શ્રીજી મહારાજને સર્વ અવતારના કારણ અવતારી જાણીને દિવ્યભાવની અતિશય દૃઢતા કરવા હવા.''

પં.૬ - ''એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે શ્રીજી મહારાજને વિશે સર્વકારણપણું જાણીને ઉપાસનાની દૃઢતા કરતા હવા.''

પં.૭ - ''એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પોતાના સ્વરૂપની જે અનન્ય નિષ્ઠા તે સંબંધી વાર્તા કરી, તેને સાંભળીને સર્વે પરમહંસ તથા હરિભક્ત તે શ્રીજી મહારાજના સ્વરૂપની એવી જ રીતે વિશેષે દૃઢતા કરતા હવા.''

મ.૧૩ - ''એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી, તેને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે એમજ માનતા હવા જે, 'જે તેજને વિષે મૂર્તિ કહી તે જ આ શ્રીજી મહારાજ પ્રત્યક્ષ પ્રમાણછે.''

મ.૨૨ - ''એમ શ્રીજી મહારાજે પોતાનું વૃતાંત ભક્તજનના કલ્યાણને અર્થે કહ્યું, ને પોતે તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણછે.''

અં.૩૦ - ''એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણછે.''

અં.૩૧ - ''એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમ-સ્વરૂપના નિરૂપણની વાર્તા પરોક્ષપણે કરીને કહી.''

અં.૩૯ - ''એવી રીતે શ્રીજી મહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારું પોતાનું વર્તન લઈને વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણછે.''

આવી રીતે વચનામૃત ગ્રંથના આધારે કહી શકાય કે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે જ અક્ષરધામના અધિપતિ એવા સર્વોપરી, સર્વે અવતારના અવતારી ભગવાન છે. હવે આપણે વચનામૃત ઉપરાંત સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં પણ મહારાજનું સર્વોપરીપણું નિઃસંશયપણે સમજાવ્યું છે તેવાં વચનો પ્રતિપાદિત કરતા અંશો જોઈશું.

**V શ્રીહરિવાક્યસુધાસિંધુ અને સેતુમાલા ટીકા**

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ રચિત 'સેતુમાલા ટીકામાં' અને સ.ગુ. શતાનંદ સ્વામીએ 'શ્રીહરિવાકયસુધાસિંધુ'માં ભગવાન શ્રીહરિનું સર્વાવતારીપણું સ્પષ્ટપણે નિરૂપ્યુંછે. જેમકે,

हेतुः सर्वावताराणां सोऽवतार्येव वर्तते ।
इति ज्ञेयो न चैवान्यैरवतारैः समो हरिः ॥
(હ.વા.સુસિં. - ૧૪૨/ વચ. મ. ૯)

સેતુમાલા ટીકા :

हेतुरीति । किञ्च । स एवं भूतः । हरिः । सर्वावताराणां रामकृष्णादिसकलाविर्भावानाम् । हेतुः कारणम् । अवतारी । एव । वर्तते । इतीत्थम् । ज्ञेयः । अन्यैः । अवतारैः । समस्तुल्यः । नैव । ज्ञेयः ।

આ રીતે શ્રીહરિ રામકૃષ્ણાદિ સર્વ અવતારોના હેતુ-કારણ અવતારી છે એમ જાણવું. બીજા અવતારો જેવા શ્રીહરિને ન જાણવા. (તરંગ: ૧૪૨, વચ.મ.૯)

મહિમા સમજવાનો પ્રકાર જણાવતાં શ્રીહરિ પોતે જ આ ગ્રંથમાં કહે છે;

अहमक्षरधामेश ईशेशः पुरु षोत्तमः ।
सर्वावतारहेतुश्च सदा सर्वोपरि स्थितः ॥

અર્થાત્ : 'હું અક્ષરધામનો અધિપતિ, ઈશ્વરોનો ઈશ્વર તથા સર્વ અવતારનું કારણ એવો સદા સર્વોપરી બિરાજુંછું.'

**આચાર્ય મહિમા ચિંતન**


સાધુ ધર્મવલ્લભદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)


ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાને સ્થાપેલ એવા

# મોક્ષના દાતા : ધર્મવંશી ગુરુ



પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણે એક સમયે ગઢપુરમાં બેસી પોતે પૃથ્વી પર પ્રકટ થઈ મુમુક્ષુ જીવોના આત્યંતિક કલ્યાણનો માર્ગ સરળ કરી અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો. પરંતુ પોતે અંતર્ધાન થતા પહેલા પોતાના ભક્તજનો તેમજ ભવિષ્યમાં થનારા આશ્રિતોના અવલંબન માટે જે ત્રણ ગૂઢ સંકલ્પ કર્યા તેમાંનો એક સંકલ્પ :-

**भक्तिमार्गस्य पुष्ट्यर्थं मंत्र दीक्षाप्यपेक्ष्यते । अतो धर्मान्वये शुद्धे गुरू तां स्थापयेय च ॥**

ભક્તિમાર્ગની પુષ્ટિ માટે મંત્ર દીક્ષાની અપેક્ષા છે, તો શુદ્ધ ધર્મકુળમાં ગુરુપદ-આચાર્યપદનું સ્થાપન કરું. આ ગૂઢ સંકલ્પ દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આશય હતો કે પોતાનું પ્રગટપણું અને પ્રત્યક્ષપણું અનંતકાળ માટે ચાલું રાખવું અને મુમુક્ષુજીવોનું આત્યંતિક કલ્યાણ કરવું.

આ ગૂઢ સંકલ્પ બાદ ભગવાન શ્રીહરિએ વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં વિશાળ ચોકમાં ત્યાગી-ગૃહી સમસ્ત આશ્રિતોની વિરાટ સભામાં પોતાના પરમેશ્વર પદ માટે કોણ યોગ્ય છે, આચાર્ય પદમાટે-ગુરુપદ માટેની નિયુક્તિ સંપ્રદાયના કયા વર્ગમાંથી કરવી એવો પ્રશ્ન પૂછ્યો. ચર્ચા-વિચારણાના અંતે સર્વ સભાજનોના પ્રતિનિધિ તરીકે મહામુક્તરાજ અને સત્સંગની 'મા' સમાન સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''હે મહારાજ ! આ સર્વ ત્યાગીવર્ગમાં પણ જે અતિશ્રેષ્ઠ ત્યાગી હોય તેને આપના સમાશ્રિતોના ગુરુપદે સ્થાપન કરો તો, હે પ્રભુ ! એમને ધન-સ્ત્રી આદિકનો પ્રસંગ થવા પામે અને તેથી આપશ્રીનું ધ્યાન-ભજન કરવામાં જરૂર એમને વિક્ષેપ થાય. એટલું જ નહિ પરંતુ પરસ્પર વેર બંધાય તથા બંધન પણ થાય. એક પુરુષોત્તમ નારાયણ સિવાય બીજો ગમે તેવો સિદ્ધદશાવાળો યોગી હોય તો પણ તેને સ્ત્રી-દ્રવ્યના સંબંધથી, યોગથી બંધન થાય જ. પૂર્વે ત્યાગીજનો પણ સ્ત્રી-ધન વગેરેના પ્રસંગથી ઘણી વિપત્તિ તેમજ નિંદા પામ્યાના દાખલા ઈતિહાસના પાને લખાયા છે. તે માટે ત્યાગીઓને આ ગુરુપદ યોગ્ય નથી એવું મને જણાય છે. હે સ્વામિન્ ! આપ જો કોઈ ગૃહસ્થ સત્સંગીને ગુરુપદ આપશો તો ત્યાગાશ્રમી ત્યાગીજનો તેવા ગૃહસ્થીને સર્વ પ્રકારે માનશે નહિ. માટે -

**धर्मवंश्यो नरस्तस्माज्जनानामेव सर्वशः । गुरु त्वेऽत्र तदीयानां योग्यो वर्वर्ति सत्पते ! ॥**

હે સત્પતે ! આપના ત્યાગી તથા ગૃહસ્થ સમાશ્રિતોમાં 'ધર્મવંશી જ ફક્ત ગુરુપદ માટે સમગ્ર સત્સંગને યોગ્ય જણાય છે.'

હે મહારાજ ! ગુરુ રામાનંદ સ્વામીએ પૂર્વે આચાર્ય પદવી બુદ્ધિશાળી ધર્મદેવને આપી હતી. (સત્સંગિજીવન : પ્ર.૧ અ.૧૬) હે સ્વામિન્ ! આપ રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ શુભ આચાર્યપદ ધર્મદેવના પુત્ર એવા આપને આપ્યું. આવી રીતે પરંપરાથી પ્રાણીમાત્રનું હિત ઈચ્છનારા આપને સર્વશ્રેષ્ઠ ગુરુપદ પ્રાપ્ત થયું છે. માટે અત્યંત નિર્મળ તથા સદ્‌ગુણના ભૂષણરૂપ એવા ધર્મદેવના વંશમાં જ આપે મંગળકારી આ ગુરુપદ સ્થાપન કરવું.'' (શ્રીહરિલીલા કલ્પતરુ : સ્કંધ. ૧૦, અધ્યા. ૨, શ્લો. ૧ થી ૧૧)

વિશેષમાં સદ્. મુકતાનંદ સ્વામીએ કહ્યું : ''હે મહારાજ ! આવી રીતે આપ ધર્મકુળમાં ગુરુપદ સ્થાપન કરો તેમાં આપના સમાશ્રિત ત્યાગી-ગૃહી સર્વની નિશ્ચે અતિ પ્રસન્નતા છે. ત્યાગીઓના ગુરુ ગૃહસ્થ હોય તો પણ તે ક્યારેય અમને બંધનકર્તા નથી. ત્યાગીઓ, સંન્યાસીઓ, પરમહંસોના પણ ગૃહસ્થ ગુરુ હોય છે. તેવું અનેક શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે : '**यतस्तेषां गृह्याचार्यत्वं** ।''

વળી, સદ્. મુક્તાનંદ સ્વામીએ અતિશય દિવ્યભાવ તથા મહિમાના સૂર રેલાવતા જણાવ્યું : ''જે ધર્મદેવના વંશમાં સર્વ અવતારોના કારણ અવતારી, અક્ષરાતીત તથા અત્યંત શુદ્ધ એવા આપ, ક્ષીરસાગરમાં ચંદ્રની જેમ પ્રકટ થયા તેવા અતિશુભ ને સર્વ સુખાવહ ધર્મવંશથી હે પ્રભો ! બીજા ક્યા વંશનું શુભ ગૌરવ ગુરુપદ માટે વિશેષ યોગ્ય હોઈ શકે ? કતકદ્રુમના ફળના પ્રસંગથી જેમ જળ શુદ્ધ થાય છે તેમ ધર્મવંશના પ્રસંગથી મુમુક્ષુજનો શુદ્ધ થાય છે. દાવાનલથી દાઝેલા મૃગો વગેરે જેમમેઘથી શાંતિ પામે છે તેમ દોષોથી પીડાયેલા

દેહધારીઓ, ધર્મવંશથી શાંતિ પામે છે. અતિ પવિત્ર આ ધર્મવંશમાં આપની પ્રસન્નતાના કારણભૂત અને યોગીજનો પણ જેની યાચના કરે છે એવા દિવ્ય અને કલ્યાણકારી સત્ય-શૌચાદિ તથા શમ-દમાદિ અનેક ગુણો આપની કૃપાથી વર્તે છે. માટે હે મહારાજ! આપે ધર્મવંશમાં જ ગુરુપદ સ્થાપવું.''

(શ્રીહરિલીલા કલ્પતરુ : સ્કંધ. ૧૦, અધ્યા. ૨, શ્લો. ૧૪ થી ૧૭ તથા ૨૫)

સદ્. મુક્તાનંદ સ્વામીનો આ અભિપ્રાય ભગવાન શ્રી સ્વામિનારાયણે માન્ય રાખતા કહ્યું : ''હે સાધુવર્ય ! મેં પણ એ પ્રમાણે વિચાર કર્યો છે, પરંતુ અન્ય બુદ્ધિહીન મનુષ્યોને ભ્રમથાય કે પોતાના કુળમાં જ કેમ ઉત્તમ ગુરુપદ સ્થાપન કર્યું?

किं चान्येषामबुद्धीनां जनानां स्वादयं भ्रमः ।

स्वामिना स्वकुले न्यस्तं गुरु त्वं स्वीयमुक्तमम् ॥

તેથી કરીને તમે જે મારી રુચિ જાણનારા છો એવા તમોને મેં પૂછ્યું.''

(શ્રીહરિલીલા કલ્પતરુ : સ્કંધ. ૧૦, અધ્યા. ૨, શ્લો. ૩૦ થી ૩૧)

આ બાજુ ભગવાન શ્રીહરિએ મંદિરોનું નિર્માણ કરાવી પોતાના સ્વરૂપો પધરાવી, ઉપાસના માર્ગ અખંડિત રાખવા વિચાર કર્યો અને તેમાં મંદિરોના વ્યવહારનું સંચાલન અષ્ટપ્રકારે સ્ત્રીમાત્રનો ત્યાગ રાખનારા અને સર્વ પ્રકારે દ્રવ્યનો સંગ્રહ ન કરનારા તેમજ ધાતુમાત્રનો સ્પર્શ ત્યજનારા સંતોને સોંપવામાં આવે તો તેમના ધર્મનો લોપ થવાનો સંભવ થાય તથા વિતરાગી સંતોથી મમત્વ રાખી મંદિરોના વ્યવહારનું યથાસ્થિત રક્ષણ પણ થઈ શકશે નહિ. આવો વિચાર કરી પોતાના પિતા ધર્મદેવના વંશના બે આચાર્યોને પોતાના પદ ઉપર સ્થાપન કરવાનો સંકલ્પ કરે છે :-

**'વળતો વિચાર કર્યો છે વા'લે રે, આવું આવું ઘણું કેમચાલે રે;**
**મોટા મોટા કરાવ્યાં મંદિર રે, તેમાં રાખિયા સંત સુધીર રે.**
**પણ તે તો સંત છે જો ત્યાગી રે, વસી કેમ શકશે વીતરાગી રે;**
**મમત વિના મંદિર કેમરે'શે રે, વાત બંધ એ કેમ બેસશે રે.**
**જેહ ત્યાગી છે ત્રિયાધન તણા રે, દેહ સુખથી નિરાશી ઘણા રે;**
**તેણે નહી જળવાય જાગ્ય રે, નથી વાત એ બનવા લાગ્ય રે.**
**માટે એના કરું એક ધણી રે,તો તે રાખે ખબર એની ઘણી રે.'**

(નિ.કાવ્ય: પુરુષોત્તમપ્રકાશ : પ્ર.૩૭/૩૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણ 'ધર્મકુળ'માં પોતાનું 'પરમેશ્વરપદ-આચાર્યપદ-ગુરુપદ' સ્થાપન કરશે એવી આગાહી વિ.સં. ૧૮૪૮ના જેઠ માસમાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજની કૃપાથી દિવ્ય દૃષ્ટિ પામેલા પિતા ધર્મદેવે પોતાના બંને પુત્રો શ્રી રામપ્રતાપ અને શ્રી ઈચ્છારામને સમીપમાં બોલાવી અંત સમયે કરીછે :

आचार्यत्वं च युवयो: स्थापयित्वा कुले निजम् ।

स्वकीयं धाम परमं प्रयास्यति महायशाः ॥

આ મહાયશસ્વી ઘનશ્યામ તમારા કુળમાં આચાર્યપદ સ્થાપન કરશે અને તે પછી પોતાના પરમ ધામમાં પધારશે.

(સત્સંગિજીવન : પ્ર.૧, અધ્યા.૩૯, શ્લો.૧૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં વિ.સં. ૧૮૭૬ના માગશર સુદ - ૪ના દિવસે ગઢડામાં ભવિષ્યવાણી ઉચ્ચારતા કહ્યું છે : 'ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે.' ગઢડા પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં શ્રીજી મહારાજે ઉચ્ચારેલા આ શબ્દો અત્યંત રહસ્યપૂર્ણ છે. ધર્મકુળમાં આચાર્યપદ સ્થાપન કરતા પહેલા ધર્મકુળને આશ્રિત એ શબ્દનો અર્થ ધર્મદેવના પુત્ર કે જે ધર્મકુળમાં પ્રગટ થયા છે એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનો આશ્રય કરવાથી આશ્રિત બ્રહ્મમય દેહને પામી ભગવાનના ધામમાં જાય છે એમ સમજવું તેમજ વિ. સં. ૧૮૮૨ના કાર્તિક સુદ -૧૧ના પ્રબોધિની એકાદશીએ વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણના મંદિરમાં મળેલી સમસ્ત ભક્તજનોની સભામાં પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને નાના ભાઈ ઈચ્છારામના પુત્ર રઘુવીરજીને પોતાના આચાર્યપદ-ગુરુપદ ઉપર સ્થાપન કર્યા ત્યારથી ધર્મકુળ આશ્રિત એટલે ધર્મકુળમાં ઉત્પન્ન થયેલા ધર્મવંશી આચાર્યની પાસે ત્યાગી-ગૃહી અનુયાયીઓ દીક્ષા લઈ ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થાય તે જ બ્રહ્મમય દેહને પામે છે તેમ સમજવું.

પોતાનું પરમેશ્વરપદ-આચાર્યપદ-ગુરુપદ જે ધર્મકુળમાં સ્થાપન કરવાનું છે, તેનું ગૌરવ દર્શાવતા ભગવાન શ્રીહરિ કહે છે : ''આત્યંતિક કલ્યાણ તો, બંને દેશના અધિકૃત ધર્મવંશી આચાર્ય એટલે કે અમદાવાદ શ્રીનરનારાયણ દેવના દેશની ગાદી ઉપર તથા વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવના દેશની ગાદી ઉપર પદારૂઢ થયેલા અને દેશ-વિભાગના લેખમાં દર્શાવેલી મર્યાદા મુજબ પ્રામાણિત એવા આદિઆચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા આદિઆચાર્ય રઘુવીરજી મહારાજ અને તે પછી તેમની પરંપરામાં પદારૂઢ એવા પીઠાધિપતિઓ, તેમનો દિક્ષિત અનુયાયી વર્ગ, જે ધર્મકુળનો આશ્રિત ગણાય તે જ્યાં સુધી ધર્મધુરંધર ઉભય આચાર્યનો દિક્ષિત આશ્રિત રહી, ભગવાન શ્રીહરિનો આશ્રય કરે તેનું જ કલ્યાણ થાય છે. અને તેવો અનુયાયી વર્ગ જ બ્રહ્મમય દેહ-ભાગવતી તનુ પામી અક્ષરધામમાં મારી સેવામાં રહે છે.'' ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : ''આત્યંતિક કલ્યાણના અનેક ઉપાયો મેં યોજ્યા છે - પ્રવર્તાવ્યા છે. પરંતુ ધર્મવંશી આચાર્યની જે મારા પદ ઉપર સ્થાપના કરી અને તમો સર્વે ત્યાગી-ગૃહીના ગુરુ તરીકે તેમની નિયુક્તિ કરી તે મોક્ષનો છેલ્લો ઉપાય મેં યોજ્યો છે.

(ક્રમશઃ)

**વાણી-વિવેક ચિંતન-૩**

સાધુ નિર્દોષસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
વડતાલ (હાલ- સરધાર)

# વાણીમાં વિવેક જરૂરી છે...

**ડિસેમ્બર અંકથી ચાલુ.....**

માણસ સાંપ્રતયુગમાં દોડધામની દુનિયમાં મસ્ત રહે છે. તેને બધા સાથે બેસવાનો સમય મળે છે પણ પોતાની સાથે સ્થિર થવાનો સમય મળતો નથી. સભ્યતાના વિકાસ સાથે સંસ્કૃતિનો વિકાસ ન થાય તો માણસ સુવિધા સંપન્ન બને પણ સંસ્કાર સંપન્ન ન બને. ઉંચા સ્થાનો, ઉચ્ચ હોદ્દાઓ, ધર્મક્ષેત્રના મોટા મહંતો તથા ધર્મગુરૂઓ, ધંધા વ્યવસાયના મોભાદાર ચેમ્બર્સ સાંપ્રતયુગમાં અહંકાર પ્રદર્શનના સ્થાન બની જાય ત્યારે સંસ્કૃતિ રડે છે.

આજે ઉંચા સ્થાને બેઠેલા લોકો અન્યના અપમાન કરવા, ઉપેક્ષા કરવી અને નાના વ્યક્તિને ઉધડો લેવાની ક્રિયાને સ્થાન સિદ્ધ અધિકાર માને છે. પરિણામે તેઓ જીભનો ઉપયોગ વધુ કરે છે, અને કાનનો ઉપયોગ અતિ અલ્પ કરે છે. અને તેમાં પોતાની જાતને ગૌરવાન્વિત અને પ્રગતિવાદી ગણાવે છે. પરંતુ એ પ્રગતિની ગતિ એવી વિચિત્ર છે કે તેની સાથે ડગલા માંડવાની મતિ કોઈને થતી નથી. તેમને વાણી સ્વાતંત્ર્ય ખપે છે, તે પણ મળે ક્યારે ? ફક્ત અપમાન કરવા, ધમકાવવા માટે જીભ જોઈએ એટલું જ નહિ પરંતુ સહિષ્ણુતા માટે ઠરેલુ હૈયુ પણ જોઈએ. સ્થૂળ વસ્તુ પરનું આધિપત્ય એ અમીરી નથી પરંતુ મનુષ્યના હૈયા પરનું સ્વયંભૂ વર્ચસ્વ જ તેની સાચી અમીરી છે. રાવણ પંડિત હતો તેની પાસે અઢળક ધન વૈભવ હતો પરંતુ વિવેક વૈભવ ન હતો. સુવર્ણમયી લંકામાં રહેવા છતાં હૃદયહીનતા ને કારણે દયનીય ભિખારી હતો.

શબ્દોમાં જ્યારે અહંકારના અંધારા છાઈ રહે છે ત્યારે તે પોતાના અધઃપતનને આકર્ષક આમંત્રણ આપે છે. અને તેજ શબ્દો ઠારવાને બદલે બાળવાનું કામ કરે છે. તેથી કોઈ કવિએ સરસ લખ્યુછે.

શબ્દમાં તો પુષ્પ છે, શબ્દમાં પ્રેમ પણ છે, શબ્દમાં વિશ્વાસ છે, શબ્દમાં વહેમ પણ છે, શબ્દ શીખવાડ્યો મને, શબ્દ હું તો શીખી ગયો, શબ્દ બોલાવ્યો મને, શબ્દ હું બોલી પણ ગયો, શબ્દના ઉંડાણને જ્યાં ભુલમાં ભુલી ગયો, કેટલો છુંછીછરો, ક્ષણ મહી ભુલી ગયો.

શબ્દમાં તો પ્રભુત્વ (વર્ચસ્વ) નહીં દેવત્વ પ્રગટવું જોઈએ. પતંજલિ મુનિ મહાભાષ્યમાં લખે છે કે :

> एकः शब्दः सम्यक् ज्ञातः सुष्ठु प्रयुक्तः शास्त्रान्वितः स्वर्गे
> लोके च कामधुग् भवति । ( महाभाष्य )

એકજ શબ્દ સારી રીતે જ્ઞાત (જાણેલો) હોય અને તેનો પ્રયોગ શાસ્ત્રાનુકુલ કરે તો તે શબ્દ સ્વર્ગ તથા આ લોકમાં કામધેનુ સમાન છે. અર્થાત્ બંને લોકમાં બોલવાવાળાની ઈચ્છા પુરી કરે છે.

મહાકવિ દણ્ડિ પણ કાવ્યાદર્શમાં કહે છે કે

> इदमन्धतमं कृत्स्नं जायेत भुवनत्रयम् ।
> यदी शब्दाह्वयं ज्योतिरासंसारं न दिपयेत ।।
> ( काव्यादर्श )

આ સંસારમાં શબ્દ નામની જ્યોતિ નો પ્રકાશ ન થયો હોત તો સંપૂર્ણ સંસારમાં અંધકાર છવાઈ જાત.

આજે એ શબ્દોમાંથી સંસ્કૃતિનું સંગીત પ્રગટવાને બદલે તેમાંથી જીર્ણશીર્ણ ઢોલનો બોદો અવાજ પ્રગટે છે. ત્યારે બનાવટી વ્યવહારોની બોલબાલા વધી છે. શબ્દમાં તો સંસ્કૃતિની ગંધ છે. શબ્દમાં વ્યક્તિની પહેચાન છે. આપણા વેદો ઉપનિષદો તો नादः ब्रह्मणो रूपम् । એમ અવ્યક્ત શબ્દ (નાદ)માં પણ બ્રહ્મનું સ્વરૂપ કહે છે. તો જે શબ્દસૌષ્ઠવ યુક્ત શબ્દમાધુર્યમાં મનોહર મદનમોહન રહે, એમાં શું આશ્ચર્ય ?

આજના માણસોને અધિકાર વગર સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે. તેથી તે સ્વચ્છંદિ બન્યો અને તે સ્વચ્છંદિ શુદ્ર એષણાઓનો ગુલામબની પોતાની ભુલ, ક્ષતિઓ કે પાપને છાવરવા (છુપાવવા) માટે પ્રવચનાત્મક કે પ્રપંચાત્મક શબ્દોનો સહારો લે, ત્યારે એનો બચાવ જ એની બદનામીનો વિજય વાવટો ફરકાવતો રહે છે. આજના માણસને સ્વતંત્રતા ત્યારે જ ખપે જ્યારે તે સત્યને વરી ચુક્યો હોય. અને તે સત્ય બોલવામાં એનામાં સાહસ, શક્તિ અને હિંમત હોય. શબ્દો કંઈ ફેકવાની વસ્તુ નથી. બોલવા યોગ્ય શબ્દો કોઈ ભાગ્યશાળી વ્યક્તિને જ પ્રાપ્ત થતા હોય છે. માત્ર શબ્દ લપ (જીભ)નું સંતાન નથી. પણ તપનું સંતાન છે. શબ્દનું તેજ માપવા માટે ઝીલવા માટે તપસ્વી બનવું પડે છે. તેથી જ કવિ કહે છે કે

> "તપસ્વી વાણી તો જીવન તણો આધાર માંગે છે, નહિ તો
> શબ્દો કેવળ મોટા મોટા ભાર જ લાગે છે."

આજે માણસ સત્વ વગરના શબ્દોનો પ્રચંડ ધોધ સર્વત્ર વહેવડાવે છે. જીભની સપાટી પર શબ્દોની એવી તો રમઝટ બોલી રહી છે કે ખરાબ બોલી નાખવું, ટીકા કરવી, નિંદા કરવી અથવા તો અભિપ્રાય આપવો, સલાહ આપવી એ જીભ માટે રમત વાત છે. પરિણામે શબ્દ મઢયુ જીવન છે. પણ જીવન મઢયા શબ્દો નથી. તેથી માણસે હજુ વાણી અને વર્તનના વ્યાકરણને ઓળખવું જોઈએ.

ક્યાં, ક્યારે, કોની સામે, કયો અને કેવી રીતે શબ્દ વાપરવો એ ન આવડે અને જ્યાં-ત્યાં, જ્યારે-ત્યારે, જેની-તેની સાથે જે-તે શબ્દ મન ફાવે તેમ બોલે તો કુટુંબ, જ્ઞાતિ, ગામ, રાજ્ય, દેશમાં કે વિશ્વમાં કલેશ, કંકાસ, ઝઘડા અને અંતે મહાયુદ્ધો થાય છે. આ રીતે શબ્દથી વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક કે વૈશ્વિક દૃષ્ટિએ અનેક પ્રકારની હોનારતો સર્જાય છે. મંથરાના શબ્દથી અયોધ્યામાં કેવા પ્રશ્નો ઊભા થયા ? બીજે દિવસે આનંદ અને ઉત્સાહમાં ગરકાવ થનારી અયોધ્યા નગરી શોક અને સંતાપના દરિયામાં ગરકાવ થઈ ગઈ. રામ, લક્ષ્મણ અને સીતાને વગર વાંકે વનવાસ, દશરથનું મૃત્યું, વનમાં સીતાજીનું અપહરણ, રાવણ સાથે યુદ્ધ...આવું આવું ઘણું ઘણું બન્યું. તેના મૂળમાં છે 'મંથરાના 'શબ્દો.'

(ક્રમશઃ)

## તીર્થ મહિમા ચિંતન - ૩

લેખક :- પૂ. પુરાણી શ્રી શ્રીહરિદાસજી
વડતાલ (હાલ - વરજાંગ જાળિયા કોઠારીશ્રી)

### સોરઠ દેશનું પંચતીર્થી ધામ: વરજાંગ જાળિયા

### સંક્ષિપ્ત ઇતિહાસ :

# શ્રીહરિનું મંદવાડ ગ્રહણ સ્થાન

**ગંતાકથી ચાલું....**

**- એ બધા બાયલા છે**

આ મંદવાડમાં મહારાજ ઘણી વાર લોકોને ન સમજાય તેવું અસંબદ્ધ બોલતા એટલે લોકોને લાગ્યું કે મહારાજને ત્રિદોષ થયો લાગે છે.

એક દિવસ મહારાજ હાથમાં તલવાર લઈને ઢોલિયા ઉપરથી એકદમ ઊભા થઈ ગયા અને હવામાં તલવાર વીંઝવા લાગ્યા. આથી, ભગુજી તથા નાજા જોગિયા મહારાજને પકડવા ગયા. પણ મહારાજ તેમની સામે તલવાર લઈને ફર્યા. તેમને કહ્યું : "જોઈ છે આ ઉઘાડી તલવાર ! શ્રીકૃષ્ણે જેટલા અસુરોને માર્યા અને તેમાંથી જે બચ્યા તેમને કાપી નાંખવા છે."



એટલે મુક્તાનંદ સ્વામીએ મહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! આપ અહિંસાનો ઉપદેશ કરનારા, આપના હાથમાં આ તલવાર શોભે ?"

"કેમન શોભે ? સત્સંગની રક્ષા કરવા માટે તલવાર તો વાપરવી જ પડે !" મહારાજ તાડૂક્યા.

"પણ એ માટે તો આપણા આ શૂરવીર પાર્ષદો, કાઠી ભક્તો બધા છે ને !" સ્વામીએ હજુ હાથ જોડીને તે જ નમ્ર ભાવથી કહ્યું. તેમને મહારાજના આ મંદવાડમાં ગંભીરતા દેખાણી એટલે તેઓ પણ મૂંઝાઈ ગયા હતા.

"તમે ન સમજો સ્વામી ! એ બધા બાયલા છે !"

મુક્તાનંદ સ્વામી આ સાંભળી કાંઈ બોલ્યા નહીં.

**- મને પાશેર જલેબીની ના પાડો છો ?**

મહારાજને તેર ઉપવાસ થયા. એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપ તો પૂરણકામ છો પરંતુ આપના ભક્તોને અર્થે તો આપ થોડું અંગીકાર કરો !"

તે સાંભળી મહારાજે કહ્યું : "પેંડા, બરફી, જલેબી મંગાવો."

આ સાંભળી હીરા ઠક્કરે કહ્યું : "મહારાજ ! અત્યારે મધરાતે જલેબી ક્યાંથી મળે ?"

આ સાંભળી મહારાજ ફરી તાડૂક્યા. તેમણે કહ્યું : "ભુજની બજારમાં જોઈએ તેટલી જલેબી મળે છે અને મને પાશેર જલેબી માટે ના પાડો છો ? જલેબી ન મળે તો જવનો પોંક લાવો."

એટલે ભગુજીથી બોલાઈ ગયું : "મહારાજ ! આસો મહિનામાં જવ ક્યાંથી હોય ?"

ફરી મહારાજ ખીજાઈને બોલ્યા : "લાખો મણ જવ ઊભા છે ને મારે તો થોડો જ પોંક જોઈએ છે." આ સાંભળી કોઈ કાંઈ બોલી શક્યા નહીં.

હીરા ઠક્કરે તરત જ કહ્યું : "અત્યારે ભાયાવદર જઈએ." એમ કહી હીરા ઠક્કર તથા નગો બાબરીયો બંને ભાયવદર જવા ઉપડ્યા. ત્યાં જઈને ઝુણાભાઈને જગાડ્યા. તેમને બધી વાત કરી. ઝુણાભાઈ પણ મૂંઝાયા. જલેબી તો આથો નાખ્યો હોય તો જ તૈયાર થઈ શકે. થોડી વાર વિચારી તેણે કહ્યું : "હાલો, આપણે કંદોઈનું હાટ ઉઘડાવીએ."

કંદોઈનું હાટ ઉઘડાવ્યું. તેને પૂછ્યું : "જલેબી તૈયાર મળશે ?"

તેણે કહ્યું : "હા, રાતે જ આથો નાખ્યો છે, હાલો બનાવી દઉં."

તરત જ તેણે તાવડો માંડ્યો અને જલેબી ઉતારવા માંડ્યો. જલેબી લઈને બંને મહારાજ પાસે આવ્યા. એટલામાં ભગુજીએ બાજરોનો પોંક મંગાવ્યો હતો તે પણ આવી ગયો. ભગુજીએ મહારાજને કહ્યું : "મહારાજ ! જવનો પોંક આવી ગયો છે, જલેબી પણ આવી ગઈ છે, તો આપ જમો."

મહારાજ બેઠા થયા અને જલેબી તથા પોંક જમવા લાગ્યા. જમતા જાય ને ભગુજીને કહેતા જાય : "ભગુજી ! તું મને જગાડતો રહેજે. હું જો ઊંડો ઊતરી જઈશ તો પાછો દેહમાં નહીં આવું."

બધા મહારાજની આવી અસંબદ્ધ વાતો સાંભળી રડતા હતા.

**- ગંગાનું પાણી લાવો, અમારે નહાવું છે**

મહારાજ જમી રહ્યા પછી બોલ્યા : "અમારે નહાવું છે. મને બહાર વાડામાં લઈ જાવ. ગંગાનું પાણી લાવો. સો બેડાથી મારે આજે નહાવું છે. પાણીનો રેલો વેણુ નદીમાં પહોંચવો જોઈએ."

ભગુજીએ કહ્યું : "ભલે મહારાજ !"

એટલામાં તો બાઈઓ દસ-વીસ બેડાં ભરીને પાણી લઈ આવી. ભગુજી મહારાજનો ખાટલો વાડામાં લઈ આવ્યા. મહારાજને તાવ થોડો હતો, ઠંડે પાણીએ નહાવાની તેમની જીદ હતી એટલે સૌને બીક લાગતી હતી. પરંતુ મહારાજનો આગ્રહ હતો. એક, બે, ત્રણ, ચાર એમદસ બેડાં પાણી મહારાજ ઉપર રેડ્યું. મહારાજ પૂછતા જાય : "વેણુ નદીમાં રેલો પહોંચ્યો ?"

એટલે ભગુજીએ એક હરિભક્તને કહ્યું : "આ છાલિયું ભરીને પાણી વેણુ નદીમાં નાખી આવો." તે પ્રમાણે તે હરિભક્ત વેણુ નદીમાં પાણી નાખી આવ્યા. પછી ભગુજીએ કહ્યું : "મહારાજ ! વેણુ નદીમાં રેલો પહોંચી ગયો !"

"એમ? તો હવે અમે સાજા થઈ ગયા !" એમ કહી મહારાજ ઊઠવા જતા હતા પરંતુ બ્રહ્મચારી મહારાજનું શરીર લૂછવા લાગ્યા એટલે બેસી રહ્યા. મહારાજને કોરાં સફેદ વસ્ત્રો પહેરાવ્યાં. મહારાજ પછી ઢોલિયામાં પોઢી ગયા. તે દિવસે આ.સં. ૧૮૭૦ની આસો સુદ એકાદશી હતી.

(ક્રમશઃ)

**ઉપાસના ચિંતન**

રાજગોર હસમુખભાઈ. એચ (ભૂજ)
હાલ. ઘાટકોપર - મુંબઈ

# ઉપાસ્ય મૂર્તિ શ્રી સહજાનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આશ્રિત થયેલા સર્વે સત્સંગી હરિભક્તોને ''ઉપાસ્યમૂર્તિ શ્રી સહજાનંદ સ્વામી'' વિષે સમજણપૂર્વકની માહિતી હોવી અતિ આવશ્યક છે. આપણા સંપ્રદાયના પ્રમાણિત ગ્રંથરાજ વચનામૃતમાં શ્રીજીમહારાજે સ્વમુખે ઉપાસના બાબતે લોચો નહીં રાખવા સરળ ભાષામાં સ્પષ્ટતાઓ કરી છે.

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રેરણાથી પ્રેરાઈને ઉપરોક્ત બાબતે હું મારા મંતવ્યો અત્રે રજુ કરું છું. આ લેખ લખવા પાછળ કોઈ દેવ-દેવીનું ખંડન કરવાનું કે તેમનું અવમૂલ્યન કરવાનો કોઈ આશય નથી. પણ ઈષ્ટદેવની આજ્ઞાની યથાર્થ જાણકારી દરેક હરિભક્તો પ્રત્યે પહોંચે આ શુભ આશયથી અત્રે પ્રસ્તુત છે. જે સર્વે હરિભક્તો વાંચી વિચારી ઉપાસના શુદ્ધ કરી હૃદયમંદિરમાં તથા ઘરનાં મંદિરમાં સિંહાસન પર રાજાધિરાજ દિવ્યમૂર્તિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને વિરાજમાન કરી થોડું પણ સમજણપૂર્વકનું ધ્યાન-ભજન-સ્મરણ કરીએ અને ટૂંકા સમયમાં શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં અધિકારી થઈ આ લોક તથા પરલોક (અક્ષરધામ)માં મહાસુખીયા થઈએ અને અન્ય મુમુક્ષુ જીવાત્માઓને પણ શ્રીજીમહારાજ સન્મુખ કરવા બળ આપે એજ અભ્યર્થના.

શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગીઓ પ્રત્યે કૃપા કરી કહ્યું છે, કે પંચ વર્તમાનમાં કદાચ કાચપ હશે તો ભગવાનને પ્રાર્થના કરી ભગવાનનાં પ્રતાપે તેનું પ્રાયશ્ચિત તથા નિવારણ છે, પરંતુ ઉપાસનામાં ફેર પડશે તો કોઈ કાળે વાંધો ભાંગશે નહીં. લોયાનાં વચનામૃત ૧૧માં શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે કે જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનનાં અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું, કેમ જે પોતાને મળી જે મૂર્તિ તેને મુકીને તેનાં જ પૂર્વે પરોક્ષ અવતાર થયા છે તેનું જો ધ્યાન કરે તો તે ભગવાન વિના બીજા જે દેવ મનુષ્યાદિક આકાર છે તેનું પણ ધ્યાન કરે.

